



શ્રેષ્ઠિવર્ય ધનાશાહે સંવત ૧૪૩૪માં બંધાવેલ ચૌદસો ચુંમાલીશ
સ્થંભોયુકત ત્રૈલોકયદીપક શ્રી રાણકપુરનું જિનાલય.

સંવત ૧૯૯૬
માર્ગશીર્ષ

પુસ્તક ૩૭ મું.
અંક ૫ મો



# શ્રી આત્માનંદ પ્રકાશ

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧ જીવને હિતશિક્ષા | ( મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૧૯ |
| ૨ શ્રી મહાવીર જિન સ્તુતિ | ( પારેખ રાયચંદ મૂળજી ) | ૧૨૦ |
| ૩ વિચારશ્રેણી | ( આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૨૧ |
| ૪ સંઘવી દયાલદાસ | ... ... | ૧૨૪ |
| ૫ તૃષ્ણાથી તૃપ્તિ થતી નથી | ... ... | ૧૩૦ |
| ૬ દર્શન-પ્રાપ્તિ | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૩૧ |
| ૭ સાચો શ્રમણ | ... ... | ૧૩૨ |
| ૮ ગુજરાતી કહેવત-સંગ્રહ | ( રાજપાળ મગનલાલ વહોરા ) | ૧૩૩ |
| ૯ પરમાત્માનું અધિરાજ્ય | ... ... | ૧૩૫ |
| ૧૦ જીવાત્માને ઉપદેશ | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૪૧ |
| ૧૧ એક વિદ્યાવ્યાસંગી ત્યાગી જીવનની સુવાસ | ( લેખક શ્રી ભોગીલાલ સાંડેસરા ) | ૧૪૨ |
| ૧૨ સ્વ૦ મુનિશ્રી ચતુરવિજયજી | ... ... | ૧૪૫ |
| ૧૩ વર્તમાન સમાચાર | ... .. | ૧૪૬ |


---

## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરની લાઇબ્રેરીના સભ્યોને નમ્ર સૂચના.

કેટલાક સભાસદો તથા ડીપોઝીટ વગેરેથી બુકો લઇ જનાર વાચકોને વિનંતિ છે કે ઘણા લાંબા સમયથી લાઇબ્રેરીના કેટલાક વાચકો પાસે પુસ્તકો બાકી છે. તેઓએ પુસ્તકો સભાએ આપી જવા અથવા તેના પૈસા મોકલી આપવા વિનંતિ છે. આ બાબતની સૂચના જેની પાસે બુકો છે તેઓને આપવામાં આવેલ છે અને જેઓને સૂચના ન મળી હોય તેઓએ આ જાહેર સૂચનાને ધ્યાનમાં રાખી બુકો પાછી મોકલી અન્ય વાંચકોને સરળતા કરી આપવા વિનંતિ છે.

---

## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:



નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક ન સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, તથા રત્નાકર પચ્ચીશી, અને યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગ પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઇન્ડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂ. ૦—૪—૦ ચાર આના. પોસ્ટેજ રૂ. ૦—૧—૩ મળી મંગાવનારે રૂ. ૦—૫—૩ ની ટીકીટો એક બુક માટે મોકલવી.

લખો: —શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.


"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂ. ૧-૮-૦ પોસ્ટેજ ચાર આના અલગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૭ મું : આત્મ સં. ૪૪ : વીર સં. ૨૪૬૬ : માર્ગશીર્ષ :
અંક : ૫ મો : આ. શ. સં. ૩ : વિક્રમ સં. ૧૯૯૬ : જાન્યુઆરી :

## જીવને હિતશિક્ષા.

( રાગ આશાવરી )

ચેતન ! તું દો દિનકા મેમાન. (૨)

સંબંધ સંસારનો મારો માની, ફોગટ મત કર માન;
જગતમાં તારું કોઈ ન દિશે. —ચેતન૦ ૧

એક દિન ઊઠી ચાલ્યા જવું, છોડ છોડ ગુમાન;
કાળ આહેડી કેડ ન મેલે, ઝડપી લેશે જાન. —ચેતન૦ ૨

આશા મારી મોહ નિવારી, પ્રવચન-રસ કર પાન;
મિથ્યા મેલ સવિ દૂરે જાય, વેગે વળે તુજ વાન. —ચેતન૦ ૩

પરમેશ્વરને ભજી લેને, પ્રીતે લગાવી તાન;
ગુરુ ઉપદેશને ચિત્તમાં ધારી, કર પ્રગટ નિજ જ્ઞાન. —ચેતન૦ ૪

દશ દૃષ્ટાંતે દુર્લભ નરભવ, પામી કર ધર્મધ્યાન;
" લક્ષ્મીસાગર " કહે ચિદ્‌મય ચેતન,
સમજ સમજ નાદાન. —ચેતન૦ ૫

મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીરજિન સ્તુતિ

[ રાગ–ધનાશ્રી ભજન ઢબ ]

( વહાલા વેગે આવો રે, દયા દિલે લાવો રે બાહુ મારી ભાંગવા હોજી )

શ્રી ત્રિશલાદેવીના જાયા રે, "મહાવીર" તુજને વિનવું હોજી. ટેક

આ ભવસાયરથી........... મુજને પાર ઉતાર;
તમે તારી ચંદનબાળા રે, તેમ અમને તારજો હોજી. શ્રી ત્રિશલા૦ ૧

માગું હું તો પ્રભુ અવિચળ સુખ, વ્હાલા અમને આપો રે;
નંદીવર્ધનના બંધવ રે, તુજને કહીએ કેટલું હોજી? શ્રી ત્રિશલા૦ ૨

દયા કરી તારોને દાસને આ વાર, ગુણ તમારા ગાઉં રે;
પ્રભુ નહીં થાઉં રે.......... હવે તુમથી વેગળો હોજી. શ્રી ત્રિશલા૦ ૩

કામ "ક્રોધ"થી ભરીયો રે, અવગુણનો દરીયો રે;
સદ્‌ગુણ નથી સેવ્યાં રે, લોભથી લપટાઇ રહ્યો હોજી. શ્રી ત્રિશલા૦ ૪

સેવ્યાં નથી **"અરિહંત"**, ગુણ તો કેમ કરીને જાણું રે?
વાહલા તારા ગુણને રે, અમને બતાવજો હોજી. શ્રી ત્રિશલા૦ ૫

માવે મુજને ભેટ્યા રે, "**સિદ્ધારથ**"ના નંદન રે;
વીસરું નહિ તુજને રે, શ્રી દેવાધદેવને હોજી. શ્રી ત્રિશલા૦ ૬

બગડી હવે પ્રભુ તુંહી સુધાર, હવે ન કરીશ વાર લગાર;
નોધારાના આધાર રે, રાઈચંદ તુજને વિનવે હોજી. શ્રી ત્રિશલા૦ ૭

**પારેખ રાયચંદ મૂળજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચારશ્રેણી

લે૦ આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

**પારકી** વસ્તુ મેળવવામાં થોડીઘણી મળે તો થોડી મેળવનાર ઘણી મેળવનાર ઉપર અદેખાઇ કરે છે પરન્તુ પોતાની વસ્તુ મેળવવામાં કોઇપણને કોઇના ઉપર અદેખાઇ આવતી નથી.

卐 卐 卐

**પોતાની** વસ્તુ સંપૂર્ણ મેળનારાઓ બધા ય સરખા હોય છે; કોઈ પણ નાનો મોટો નથી.

卐 卐 卐

**પારકી** વસ્તુથી સંસાર ભર્યો છે, માટે ઓછાવત્તા પ્રમાણમાં અને સંપૂર્ણ મેળવી શકાય છે પણ પોતાની વસ્તુ તો પરિમિત પ્રદેશમાં રહેલી હોવાથી સંપૂર્ણ અને સરખી સઘળા જીવો મેળવી શકે છે.

卐 卐 卐

**સુખ** તથા દુઃખની શરૂઆત તીવ્રપણે તથા મંદપણે થાય છે. કેટલુંક સુખ તથા દુઃખ અત્યંત તીવ્રપણે આરંભાય છે અને પછી ઉત્તરોત્તર મંદ થતું જાય છે, કેટલુંક મંદપણે આરંભાય છે અને ઉત્તરોત્તર તીવ્ર બનતું જાય છે, કેટલુંક ઉત્પત્તિથી અંત સુધી સરખું રહે છે, કેટલુંક જલ્દી શાન્ત થઇ જાય છે, કેટલુંક ઘણો કાળ રહેવાવાળું હોય છે.

卐 卐 卐

**સહુ** કોઇ મળવાની આશાથી જ પોતાની વસ્તુ બીજાને આપે છે.

卐 卐 卐

**ધર્મના** કાર્યમાં ધન વાપરનારાઓમાં બે પ્રકારના માનવીઓ હોય છે: એક તો અહિંયા ધનસંપત્તિ મળે અને શરીરે સુખી રહી વૈષયિક સુખો ભોગવાય અને પરલોકમાં સારી ગતિ તથા વૈષયિક સુખો સારા મળે તેમજ બીજા કર્મોની નિર્જરા થાય, ભવ ઓછા થાય ને જલ્દી મુક્તિ મળે.

卐 卐 卐

**કેટલાક** નામનાને માટે ધન વાપરે છે. તેમને પણ પૌદ્ગલિક સુખની ઇચ્છા તો ગૌણપણે રહેલી હોય છે.

卐 卐 卐

**દાન** આપીને પૌદ્ગલિક સુખોની ઇચ્છા રાખવી તે ધર્મ નથી, પણ એક પ્રકારનો વ્યાપાર છે. જેમ કોઇ માણસ બજારમાં જઇ વસ્ત્ર, ઘરેણાં કે ભોગોપભોગની કોઇપણ વસ્તુ મેળવવાની ઇચ્છાથી દુકાનદારને પૈસા આપે છે અને જોઇતી વસ્તુ ખરીદે છે તેવી જ રીતે જો દાન આપી પૌદ્ગલિક સુખની ઇચ્છા રાખે તો તે દાનધર્મ નહિ પણ પૈસા આપી વસ્તુ ખરીદવાની જેમ વ્યાપાર જ ગણાય.

卐 卐 卐

**કેટલાક** શ્રીમંતો ધનના મદથી ગરીબ માણસોને તિરસ્કારે છે અને તેમને હલકા મવાલી સમજે છે; માટે જ ગરીબવર્ગ ધનવાનોની અદેખાઇ કરી તેમનું ભુંડું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈચ્છે છે. જો ધનવાન નમ્ર બનીને ચાલતો હોય, દરેક મનુષ્યો સાથે પ્રીતિ રાખી તેમનો ઉચિત આદર કરતો હોય તો તેનું કોઇપણ ભુંડું ઇચ્છે નહિ. અને જો અવસરે દીન-દુઃખીયાનો સાદ સાંભળી કાંઇક ઉદારતા દર્શાવતો હોય તો સંસારમાં ગરીબવર્ગ તેનું ભલું ઇચ્છી દાસ બન્યો રહે.

卐 卐 卐

**ધનવાનને** ધનની વૃદ્ધિ માટે, ઘણો કાળ ધનને ટકાવી રાખવા માટે, અને આરોગ્યતા મેળવી ધનના ઉપભોગ માટે અનેકના આશીર્વાદની આવશ્યકતા રહે છે, માટે ધનના અમુક ભાગનો આશીર્વાદ મેળવવા અવશ્ય વ્યય કરવો જોઈએ.

卐 卐 卐

**લાખપતિ** કે ક્રોડપતિ એમ માને છે કે મને જે કંઇ ધન મળ્યું છે તે મારા પ્રારબ્ધનું છે પણ આવી માન્યતા તદ્દન ભૂલભરેલી છે; કારણ કે તેને મેળવેલા ધનમાં અનેકનું પ્રારબ્ધ જોડાયલું હોય છે, અને તેઓ કોઈ ને કોઇ નિમિત્તથી પોતાનો ભાગ લઈ લે છે. સ્વજન, કુટુંબવર્ગ, નોકર, ચાકર, ડોકટર, વકિલ વિગેરે પોતાના ભાગ લીધા વગર છોડતા નથી.

卐 卐 卐

**જેનો** જેનો ભાગ હોય છે તેમને જે પોતે ન આપે અને ઘણો જ કંગાલ હાલતમાં રહે તો એક દિવસ સઘળું ધન નાશ પામી જાય છે અને પોતે સાચો કંગાલ બની જાય છે.

卐 卐 卐

**જો** મેળવેલું ધન પોતાને જ ભોગવવાનું હોય તો ધન હોવા છતાં કેમ મરી જાય છે? જ્યારે બધું ધન થઇ રહે ત્યારે મરવું જોઇએ. લાખોની સંપત્તિ પોતાની પાછળ મૂકી જતા જોવાય છે, અને પાછળથી તેનો ઉપભોગ કરનારા બીજા જ હોય છે તો પછી કેવી રીતે કહી શકાય કે જેને જે કંઇ મળે છે તે તેના જ ઉપભોગ માટે હોય છે.

卐 卐 卐

**જ્યારે** માણસ જન્મે છે ત્યારે તેની પાસે સુતરનો તાંતણો સરખો ય હોતો નથી, જન્મ્યા પછી જેને ત્યાં જન્મ્યો હોય છે તેની સંપત્તિનો હકદાર થઇ જાય છે. રાજાને ત્યાં જન્મ્યો હોય તો રાજ્યનો, શ્રીમંતને ત્યાં જન્મ્યો હોય તો ધનસંપત્તિનો, કંગાલ ભીખારીને ત્યાં જન્મ્યો હોય તો ભીખ માંગવાના ઠીકરાનો અને નાનકડા ઝુંપડાનો. જન્મતી વખત સઘળા મનુષ્યોની અવસ્થા એક સરખી હોય છે પણ પછીથી રાજા, શ્રીમંત કે ભીખારી થવું તે સઘળાના જુદા જુદા પ્રારબ્ધ ઉપર આધાર રાખે છે. શ્રીમંતને ત્યાં જન્મેલો ભીખારી થઇ શકે છે અને ભીખારીને ત્યાં જન્મેલો શ્રીમંત કે રાજા થઈ શકે છે અથવા તો જન્મદાતાની વિદ્યમાન સ્થિતિમાં જીવન ગાળે છે. તાત્પર્ય કે જીવ પોતાની સાથ આવેલા પ્રારબ્ધ અનુસાર સંપત્તિ તથા વિપત્તિને મેળવે છે.

卐 卐 卐

**જીવ** જન્મ્યા પછી પુન્યસંયોગે મળેલી સંપત્તિને પોતાની ધારીને મમતા ધારણ કરે છે અને અજ્ઞાનતાથી એમ પણ માની લે છે કે જાણે આ બધું સાથે જ લાવ્યો હોય! અને તેથી કરીને જ તેના રક્ષણ માટે તથા તેને વધારવા માટે ચોવીસે કલાક ચિંતાવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે છે. સંપત્તિમાં વધારો થાય છે તો ખુશી થાય છે અને ઓછી થાય તો શોક કરે છે. અનેક મનુષ્યો સાથે કલેશ, કંકાસ, વૈર, વિરોધ, માયા પ્રપંચ, પણ સંપત્તિ વધારવાના તથા રક્ષણ કરવાના હેતુથી કરે છે.

卐 卐 卐

**જીવનને** સંપત્તિ અને સગપણ દરેક જન્મમાં નવેસરથી કરવા પડે છે. સગપણ જુદા જુદા જીવો સાથે જુદા જુદા રૂપમાં થાય છે. પૂર્વ જન્મના સગપણવાળા સાથે પણ સંબંધ થાય છે. નવા નવા જીવ સાથે વિશેષે કરીને થાય છે.

卐 卐 卐

**શ્રીમંત** ઘરમાં અવતર્યો. ઘરના સઘળાને આનંદ થયો. વધાઇઓ આવવા લાગી. વાજાં વાગવા માંડ્યાં. જન્મમહોત્સવ સારી રીતે થયો.

એક માણસ સંસારમાં અવતર્યો. ઘરની સ્થિતિ પ્રમાણે ઉછરીને મોટો થયો. સ્તનપાન છોડીને ખોરાક લેવા લાગ્યો. દાસ-દાસીઓની સેવાચાકરીનો સ્વાદ ખૂબ ચાખ્યો. પોતાની ઇચ્છા અનુસાર રમવાનાં તથા ખાવાપીવાનાં સાધનો મોં-માગ્યાં મેળવ્યાં. વસ્ત્રાભૂષણ તેમજ અન્યાન્ય શારીરિક સુખનાં સાધનો યથેચ્છ પ્રાપ્ત કર્યાં. નિશ્ચિતતાથી રમતગમતમાં બાલ્યાવસ્થા વ્યતીત કરી. કાંઇક સમજણ આવી ને નિશાળગરણું થયું. ભણવા માંડયું એટલામાં તો મોતે આવી ઉંચકીને ફેંકી દીધો. મનની મનમાં રહી ગઇ.

**જન્મ્યા** પછી જીવ માત્રને જીવવાની તૃષ્ણા ઘણી હોય છે. બાલ્યાવસ્થામાં માનું સ્તનપાન કરીને જીવવાનો હેતુ પાર પાડે છે, એટલે જીવને બાલ્યાવસ્થામાં જીવનના સાધનો મેળવવાની ચિંતા હોતી નથી. સ્તનપાન છોડ્યા પછી મુખ્યપણે પિતા અને ગૌણપણે માતા જીવાડવાની ચિંતાવાળા હોય છે એટલે સ્તનપાન છોડ્યા પછીની અવસ્થામાં પણ જીવવા પ્રયત્ન કરવાની જરૂરત હોતી નથી. ત્યારપછી વિદ્યાર્થીની અવસ્થામાં પણ નિશ્ચિતતા જ હોય છે. એટલામાં તો આયુષ્યનો ચોથો ભાગ વ્યતીત થઇ જાય છે.

**ભણ્યા** પછી અથવા તો ભણતા હોય તે દરમ્યાન પરણીને ગૃહવાસથી જોડાય છે. એટલામાં માતાપિતાનો અંત આવી ગયો હોય છે, અથવા તો માતાપિતા પરલોક જવાની તૈયારીમાં હોય છે. પચીશ, ત્રીશ વર્ષની ભરયુવાનીમાં જીવ સુસંસ્કાર તથા કુસંસ્કાર, સત્સંગ અથવા તો કુસંગ જેવા જેવા પ્રસંગોમાં હોય છે તે તે દિશામાં પ્રયાણ કરે છે. ચાલીસ, પીસ્તાલીશ અને પચાસ થયાં કે યુવાનીનું જોર નરમ પડી જાય છે, અને ઘણા પુત્ર, પૌત્રનો સ્વામી હોવાથી ચિંતિત જીવન ગાળે છે. આ સઘળી અવસ્થાઓ વ્યતીત થયા પછી છેવટે શું થાય છે તે તપાસો. વિચાર કર્યો છે કે શું થાય છે ? મોત આવીને બધુંએ ઝુટવી લઇને આ નશ્વર દેહમાંથી કાઢી મૂકે છે.

卐 卐 卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંઘવી દયાલદાસ

સંતોષ અને સબૂરીનીયે હંમેશાં હદ હોય છે. ઘરમાં ખાવાને અન્ન ન હોય અને કોઇ મનુષ્ય ધીરજ રાખી ઉપવાસ કરે, પાસે પૈસા ન હોવાથી સંતોષનું સેવન કરે, શક્તિ ન હોવાથી કોઇના અપરાધ કે અત્યાચારના સંબંધમાં ક્ષમાશીલ બને, કંઇપણ કાર્ય કરવાની અશક્તિને કારણે શાન્ત રહે એ સર્વ ધૈર્ય, સંતોષ, ક્ષમા અને શાન્તિનાં દૃષ્ટાન્તો રૂપ ગણાય છે; પણ એ સર્વ વૃત્તિઓ ક્યારે ક્યારે ઇષ્ટ છે તે વિચારણીય છે.

કાયર અને અકર્મણ્ય પુરુષોની ક્ષમાવૃત્તિ આદિ અનિચ્છનીય છે. તેમનો સંતોષ, ક્ષમાભાવ આદિ પ્રશસ્ય નથી. કાયરો અને અકર્મણ્ય પુરુષોનો સંતોષ કે ક્ષમાભાવ વસ્તુતઃ સંતોષ કે ક્ષમાભાવ ન કહી શકાય. જેઓ કાયર ન હોય, જેમનામાં વાસ્તવિક શક્તિ છે અને જેમને કંઇ ને કંઇ કામ કરવું જ છે તેમનો આદર્શ કાયરો અને અકર્મણ્ય મનુષ્યોથી ભિન્ન હોય છે. તેજસ્વી, શક્તિશાલી અને બુદ્ધિમાન મનુષ્યોના આદર્શ કાયર, અશકત અને આળસુ મનુષ્યોથી હંમેશાં ભિન્ન જ હોય.

અપરાધીને તેના અપરાધ માટે યોગ્ય શિક્ષા કરવાની શકિત હોય છતાં ક્ષમા કરવી એ ઉચ્ચ આદર્શ છે, પણ અત્યાચાર કે અન્યાય પ્રત્યક્ષ જોયા છતાં શાન્તિથી નિશ્ચેષ્ટપણે બેસી રહેવું એ મહા પાપ છે. આથી જ ક્ષમા, શાન્તિ અને સબૂરીનીયે હદ હોય છે એમ કહેવામાં આવે છે. શરીરમાં દારુણ દુઃખનો પ્રવેશ થવાથી હૃદય બળતું જળતું હોય અને આંખોમાંથી આંસુ ન પડે એ સ્થિતિ વિરલ હોય છે. અસહ્ય દુઃખમાં આંસુ પડવાં એ સાહજિક છે અને એ રીતે અશ્રુપાતથી હૃદયને પ્રાયઃ શાન્તિ થાય છે.

કોઇ ભારી અત્યાચાર કે મહાપાપ થાય ત્યારે તે પ્રકૃતિથી અસહ્ય બને છે. કુદરતનો આ એક અવિચળ કાનૂન છે. આથી પાપ કે અત્યાચાર સામે કુદરત પોકાર કરી ઊઠે છે. અધર્મ માત્ર કુદરતથી લેશ પણ સહન થતો નથી. કુદરતની આ પ્રકૃતિને કારણે અત્યાચારી કે પાપી મનુષ્યના ગર્વનું ખંડન કુદરતથી કોઇ ને કોઇ રીતે થાય છે. અત્યાચાર જ્યારે ખૂબ વધી પડે છે ત્યારે મહાત્મા જેવા શાન્ત મનુષ્યોમાં પણ પ્રતિહિંસાનો ભાવ જાગૃત થાય છે. અત્યંત શાન્ત મનુષ્યોનાં હૃદયમાં પણ અત્યાચારનો બદલો–વૈર લેવાની તીવ્ર ઇચ્છા થાય છે. ધર્મશાસ્ત્રો તેમજ પ્રાચીન ઇતિહાસનાં અનેક દૃષ્ટાન્તો આ સિદ્ધાન્તની પ્રમાણભૂત સાક્ષીઓ રૂપ છે.

અત્યાચારોથી કંપી ઊઠીને શ્રી કૃષ્ણે પોતાના મામા કંસનો વધ કર્યો હતો. કૌરવોનાં અનેક મહા-પાપોથી કુપિત થઇને શાન્ત–સ્વભાવી ધર્મરાજ યુધિષ્ઠિરે મહાયુદ્ધમાં ઝંપલાવ્યું હતું. પોતાના ભાઇ રાવણના અત્યાચારો સહન ન થઇ શકવાથી બિભી-ષણે પરિચય ન હોવા છતાં રામદ્વારા પોતાના ભાઇનો સંહાર કરાવ્યો હતો. અત્યાચારનો બદલો લેવાની તીવ્ર ઉત્કંઠાને લીધે ભીમે દુર્યોધનનાં રક્તનું પાન કર્યું હતું. આવાં અનેક ઉદાહરણો આપી શકાય. વીરવર દયાલદાસ પણ અત્યાચારો સામે પ્રબળ ઝુંબેશ ઉઠાવનાર હતા. તેઓ અત્યાચારો સામે સદૈવ પ્રતિહિંસા ભાવથી ઉન્મત્ત રહેતા હતા. આથી તેમનો અત્યાચાર–વિરોધક વીર તરીકે પરિચય કરા-વવો એ સર્વથા યુકત છે.

સંઘવી દયાળદાસને થયાને આશરે ત્રણસો વર્ષ થઇ ગયાં. તે સમયે દુર્ભાગી હિન્દ ઉપર યવનોના અનેક રાક્ષસી અત્યાચારો થઇ રહ્યા હતા. પ્રજાના લાખો રૂપીઆ મસજીદો અને હમામખાનાઓમાં બરબાદ થતા હતા. લાલ પાણી( દારૂ )ની નીકો વહેતી હતી. સર્વત્ર વેશ્યાઓનું અધિરાજ્ય જામ્યું હતું. દેશ જાણે કે નર્કાગાર બન્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ અરસામાં ઔરંગઝેબ, પોતાના ભાઇઓની કતલ કરી અને પિતાને કેદમાં નાખી ગાદીએ આવ્યો હતો. તે ધર્માન્ધ હોવાથી તેનું શાસન છેક અન્યાયી નીવડયું. તેના કઠોર અને અનર્થકારી શાસનથી હિન્દુઓ ત્રાહી ત્રાહી પોકારી રહ્યા હતા. સ્ત્રીઓ, બાળકો, નિરાધારો વિગેરે ઉપર ધોળે દિવસે ભયંકર પ્રકારના અત્યાચારો ગુજરતા હતા. ધાર્મિક મંદિરો જમીનદોસ્ત થતાં હતાં. હિન્દુઓની શીખાઓ—( ચોટલી )નો પરાણે છેદ થતો હતો. યવનોને હિન્દુઓના તિલક પ્રત્યે પણ એટલો બધો રોષ હતો કે કોઇ ને કોઇ રીતે તેઓ હિન્દુઓએ કપાળે કરેલાં તિલક કાઢી નાખતાં. આ પ્રમાણે તિલક કાઢી નાખવામાં જીભથી આ રીતે તિલક કાઢી નાખવું એ સર્વસામાન્ય થઇ પડયું હતું.

ટોડ સાહેબે તો ઔરંગઝેબના શાસન કાળમાં પ્રવર્તતા અત્યાચારોના સંબધમા એટલે સુધી લખ્યું છે કે " ઔરંગઝેબે પોતાના ઇષ્ટ મિત્રોને બોલાવીને રાજ્યના તમામ હિન્દુઓએ મુસલમાન થવું પડશે એવી ભયંકર આજ્ઞા આપી એ આજ્ઞાનો બનતો પ્રચાર કરવાને તેમને જણાવ્યું હતું. આજ્ઞાનો ભંગ કરનારાઓને બળાત્કારે મુસ્લીમ બનાવવાની ઘોષણા પણ ઔરંગઝેબે કરી હતી. "

આ અત્યંત ભયંકર અને દુઃખદાયી આજ્ઞાનો રાજ્યમાં સર્વત્ર પ્રચાર થતાં હાહાકાર ફેલાઇ ગયો. નિરાધાર હિન્દુઓએ ભયના માર્યા અહિંતહિં નાસવા માંડયું. હિન્દુઓને ધર્મરક્ષા માટે તે સમયે કોઇ ઉપાય કે માર્ગ ન જ હતો. હજારો હિન્દુઓ વ્યાકુળ બનીને મોગલ રાજ્યની હદ છોડી તુરત દક્ષિણ તરફ ચાલી ગયા. અનેક હિન્દુઓ યવનોના વિવિધ પ્રકારના ભયંકર અત્યાચારોનો ભોગ બન્યા. તેમનાં દુઃખની કોઇ પરિસીમા ન હતી. દક્ષિણ હિન્દ તરફ નાસી જનારા કેટલાયે માણસો ઉપર પણ શાહી સરકારના કર્મચારીઓના અનેક અત્યાચારો થયા. આથી તેમનાં દુઃખનો પાર રહ્યો નહિ. વિધર્મી બનવા કરતાં મરવું સારું એ વિચારથી કેટલાકે આત્મહત્યા પણ કરી. સ્વજનોની રક્ષાનો કોઇ માર્ગ ન સૂજ્યાથી સ્ત્રી, પુત્રાદિ પરિવારનો સંહાર કર્યો. ભયંકર શોકાનલથી અત્યંત વિહ્વલ બનીને લોકોએ પોતાના પ્રાણની આહૂતિ અનેક રીતે આપવા માંડી. રાજ્ય અરાજ્ય જેવું બની ગયાથી સર્વત્ર અંધેર પ્રવર્ત્તી રહ્યું. સર્વત્ર દુઃખી હિન્દુઓનો હૃદયદ્રાવક આર્ત્ત-નાદ સંભળાતો હતો. નિરુપાય અને નિઃસહાય હિન્દુઓનો હૃદય પ્રાપ્તશોક સર્વત્ર દષ્ટિગોચર થતો હતો. હિન્દુઓની માન-મર્યાદાનો છડેચોક ભંગ થતો હતો. કુલ-ધર્મ અને જાતિ-ગૌરવ પાતાળમાં પેસી ગયાં હતાં. સારાંયે ભારતવર્ષમાં પ્રલયકાળનું અધિરાજ્ય જામ્યું હતું.

આવા ભીષણ સમયમાં દુર્ભાગી હિન્દુઓને યમ-રાજના હાથથી બચાવે એવું કોઇ પણ ન હતું. દુર્બુદ્ધિ બનેલા યવનોથી દીનહીન હિન્દુઓની રક્ષા કરવાની કોઇનામાં તાકાત ન હતી. નિઃસહાય હિન્દુઓનો ઉદ્ધાર કરવાનું કોઇનામાં સામર્થ્ય ન હતું. જેને પ્રજાની રક્ષા કરવાની હોય તે જ પ્રજા-ભક્ષક બની ગયાથી હિન્દુઓની ઊંચે આભ અને નીચે ધરતી જેવી સ્થિતિ હતી. હિન્દુઓની માન-મર્યાદા બરોબર ન જળવાયાથી હિન્દુઓનાં સ્વમા-નનો સાવ લોપ થઇ ગયો હતો. હિન્દુઓ ઉપર રાજ્યની ઉગ્ર દૃષ્ટિ થવાથી તેમનું દુઃખ દિનપ્રતિ-દિન અકલ્પનીય બનતું જતું હતુ. કેવળ નિઃસહાય સ્થિતિમાં કોઇના સામનો કરવાની હિન્દુઓની લેશ પણ સ્થિતિ ન હતી.

પોતાની સર્વ પ્રજા તરફ સમભાવથી જોવું એ રાજાનો ધર્મ છે. ખરો રાજા સ્વજાત-જનો પ્રત્યે પક્ષપાત અને વિજાતીય પ્રજાગણ પ્રત્યે અન્યાય-બુદ્ધિ રાખતો નથી. જે રાજા સમભાવથી પર બનીને પક્ષપાતી થાય છે તે વસ્તુતઃ રાજા કહેવ-રાવવાને યોગ્ય નથી. એવા રાજાથી તેનું સિંહા-સન પણ કલંકિત બને છે. સિંહાસન ઉપર બેસીને જે રાજા હિતાહિતનો વિચાર કરતો નથી, જે રાજા ગર્વ, મોહ અને ક્રોધથી સદા ચકચૂર રહે છે અને વિવેકબુદ્ધિથી પરાઙ્મુખ થઇને ક્રૂરતાથી અધર્મ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃત્તિ આચરે છે એ રાજા રાજા નથી પણ રાજાના નામને લજાવનાર છે. અધર્મી વૃત્તિવાળા રાજાઓ પ્રજાનાં સુખરૂપી સૂર્યનું હરણ કરનારા રાહુઓ છે. તેમનાથી દેશનું દુર્ભાગ્ય જાગે છે. દેશ હંમેશાં દુઃખથી જ જકડાયેલો રહે છે. રાજા બરોબર ન હોય, રાજ્યનું શાસન છેક અન્યાયથી ચાલતું હોય એવી સ્થિતિમાં રાજ્યની શીઘ્ર અધોગતિ થાય છે. અનેક પાપોથી રાજ્ય નિકૃષ્ટ દશામાં આવી પડે છે. વિધાતાનો અદલ ઇન્સાફ તોળાય ત્યાં સુધી પ્રજા અનેક દુઃખોથી પીસાય છે. અત્યાચારીઓ ઉપર યમરાજનો નાશક દંડ પડતાં સુધી પ્રજાનાં મસ્તક ઉપર અનેક પ્રકારનું દુઃખ ઝઝુમ્યા કરે છે.

ઔરંગઝેબના કઠોર અત્યાચારોથી મોગલ રાજ્યમાં સર્વત્ર અંધેર ફેલાઇ ગયું. હજારો દુઃખી હિન્દુઓની આત્મહત્યા અને રાજ્યમાંથી પલાયન થઇ જઇ હજારોએ સ્વદેશ નિર્વાસન કરવાને કારણે કેટલાયે શહેરો અને ગામો ઉજ્જડ વેરાન બની ગયાં હતાં. રાજ્યનાં અનેક શહેરો અને ગામોનો દેખાવ શ્મશાનવત્ બની ગયો હતો. એક તો ચાલી ગયાથી ખેતરો ખેતી વિનાનાં એમ ને એમ પડી રહ્યાં હતાં. આવા ભયંકર સમયમાં ઔરંગઝેબને રાજ્યની છિન્નભિન્ન સ્થિતિ અને ભયંકર દશાનો એક વાર બરોબર ખ્યાલ આવ્યો. ખજાનો ખાલી થઇ ગયો હતો. કરની વસૂલાત અશકય થઇ પડ્યાથી રાજ્યની આવકમાં વધારો થવાનું અશકય બન્યું હતું. પ્રજાજનો પૈકી જેઓ તદ્દન અશક્ત હતા તેઓ જ રાજ્યમાં રહ્યાથી તેમની પાસે કર માગતા રાજકર્મચારીઓને કશું પણ મળે તેમ ન હતું. અશક્ત માણસો અધમુવા બની ગયા હતા.

જ્યારે પાપી ઔરંગઝેબને ધન ઉપાર્જન કરવાનો કોઈ પણ માર્ગ ન સૂઝ્યો ત્યારે સમસ્ત હિન્દુ પ્રજા ઉપર મુંડકર ( જજીયાવેરો ) નાખવાનો તેણે વિચાર કર્યો. આ ભયંકર અત્યાચારનાં સૂચનથી સારાંયે ભારતવર્ષ ઉપર ભયંકર વજ્રપાત થયો. વિપત્તિનાં નિવારણ માટે કોઇથી માર્ગ–દર્શન થઇ શકયું નહિ. સર્વત્ર હાહાકાર મચી રહ્યો. સર્વનાં મુખ ઉપર નિરૂત્સાહ અને નિરાશા છવાઇ ગયાં. હિન્દુઓના હૃદયભેદક હાહાકારથી ઔરંગઝેબનું હૃદય જરા પણ ચલિત ન થયું. તેનાં હૃદયને જરા પણ આઘાત ન થયો. નિર્ભાગી હિન્દુઓનું શોચનીય અવસ્થામાંથી રક્ષણ કરનાર કોઇ ન હોવાથી પોતાની દુર્દશાનું ભાન થતાં તેમને ખૂબ સાલવા લાગ્યું. આ પ્રમાણે હિન્દુઓએ ઘણો કાળ સુધી પોતાની દુર્દશા નીહાળ્યા કરી. આમ છતાં ઔરંગઝેબનાં કઠોર હૃદયમાં દયાનો સંચાર ન જ થયો.

હિન્દુઓના આ ઘોર વિપત્તિકાળમાં મેવાડ ઉપર રાણા રાજસિંહનું શાસન ચાલતું હતું. પ્રભાવશાળી પૂર્વજોના સર્વ ગુણો એનામાં વિદ્યમાન હતા. આથી હિન્દુઓ ઉપર ગુજરતા અસહ્ય અત્યાચારોથી તેનું દિલ કંપી ઊઠતું હતું. તેની નસેનસમાં સૂર્યવંશનું અદ્ભુત વીરતાયુક્ત રક્ત દોડવા માંડતું હતું. મહારાણા રાજસિંહથી હિન્દુઓની દુર્દશા સહન થઇ શકી નહિ. તેમને વસ્તુસ્થિતિ પ્રત્યે સમ્રાટ ઔરંગઝેબનું લક્ષ ખેંચવા પત્ર લખવાનો વિચાર થયો. એ વિચારનો તેમણે સત્વર અમલ કરી ઘૃણિત અત્યાચારોથી દૂર રહેવા ઔરંગઝેબને મહત્ત્વની સૂચના પણ કરી પણ મહારાણાનો એ પ્રયત્ન વ્યર્થ ગયો. ઔરંગઝેબ એકનો બે થયો નહિ. ઊલટું ઔરંગઝેબનો ક્રોધાનલ ખૂબ પ્રદીપ્ત થયો. તેની ક્રોધની જ્વાલા ઘણી જ વધી ગઇ. શાન્ત વાયુથી કેટલીક વાર આગ ભભુકી ઊઠે છે તેમ ઔરંગઝેબનો ક્રોધાગ્નિ મહારાણાની શાન્તિથી પ્રજ્વલી ઊઠ્યો મહારાણાનો પત્ર આવ્યા બાદ થોડો વખત રહીને ઔરંગઝેબે પ્રચંડ સૈન્ય સાથે મેવાડ ઉપર આક્રમણ કર્યું.

ઔરંગઝેબના મેવાડ ઉપરનાં આ આક્રમણના સંબંધમાં રાજપૂતાનાના હિન્દી ઇતિહાસ ( ખંડ ત્રીજો, પૃ. ૮૬૫–૮૬૬ )માં લખ્યું છે કેઃ–

" ઔરંગઝેબ બાદશાહે ઇ. સ. ૧૬૭૯ના સપ્ટેમ્બર માસની ત્રીજી તારીખે મહારાણા સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લડવા માટે મોટા સૈન્ય સાથે દિલ્હીથી અજમેર તરફ પ્રયાણ કર્યું હતું... ... ...મહારાણાને આ વાતની ખબર પડતાં રાજકુમારો, સરદારો વિગેરેનો દરબાર ભરી ક્યાં અને કેવી રીતે યુદ્ધ કરવું તે સંબંધી તેમણે યોગ્ય મંત્રણા કરી હતી....મંત્રી દયાલદાસજી આ મંત્રણા સમયે હાજર હતા. ”

ઔરંગઝેબ અને મહારાણાનાં સૈન્યો વચ્ચે જે યુદ્ધ થયું તે અત્યંત ભયંકર હતું. યુદ્ધમાં રાજપૂતોએ અપૂર્વ પરાક્રમ દાખવ્યાથી ઔરંગઝેબનાં લશ્કરનો મહાન પરાજય થયો હતો. ટોડ સાહેબે આ યુધ્ધનું રોમાંચક અને મનોવેધક શબ્દોમાં વર્ણન કર્યું છે. યુધ્ધ દરમિયાન મહારાણા જ્યારે પર્વતો ઉપર ચઢીને મોગલ સૈન્ય ઉપર અવારનવાર આક્રમણો કરતા હતા ત્યારે મંત્રી દયાળદાસ પણ તેમની સમીપ જ રહેતા હતા. યુદ્ધક્ષેત્રમાં હિન્દુ-દ્રોહી ઔરંગઝેબનો પરાજય થયા છતાં પણ દયાળદાસનું ચિત્ત શાન્ત થયું ન હતું. મોગલ સમ્રાટના રાક્ષસી અત્યાચારો તેની દૃષ્ટિ સમીપ તરવરતા હતા. તેના આખાંયે શરીરમાં એક પ્રકારની વિદ્યુતનો સંચાર થયો હતો. શત્રુપક્ષનો પરાજય કર્યા છતાં તેની તલવાર અત્યાચારીઓનાં રક્તનો આસ્વાદ કરવા માટે જેવી ને તેવી અધીર જ હતી. તેનાં ભવાં ક્રોધથી ઉન્મત્ત બની ચઢી ગયાં હતાં. આ ચિત્રવિચિત્ર દશામાં તેનાં મનમાં નિમ્ન લિખિત ગુંજન થઇ રહ્યું હતું.

“ અબળાઓનાં શિયળનો ભંગ થતો જોવો એ શું ધર્મ છે? નિરાધાર, દીન અને દુર્બળ મનુષ્યોનાં હૃદયભેદક પોકારોથી ચીડાવું અને તેમને કોઇ પણ પ્રકારની મદદ ન કરવી એ શું ધર્મ છે? શું ધાર્મિક સ્થાનો જમીનદોસ્ત થતાં હોય અને એ જોયા કરવું એ કોઇ રીતે ધર્મ માની શકાય? પવિત્ર માતૃભૂમિ ઉપર યવનોનો પાદસંચાર થાય એ જોયા જ કરવું એ ધર્મ્મ કહી શકાય? અપમાન પામ્યા કરીને જીવન ગાળવું એ શું ધર્મ-માર્ગ છે? ના, નહિ જ. એ જ પ્રમાણે અત્યાચારીઓનાં હંમેશાં અપમાન સહન કરતાં છતાંયે તેમને ક્ષમા આપી અત્યાચાર વૃત્તિનું સમર્થન કરવું એ કંઇ ધર્મ નથી.

‘ **क्षमा वीरस्य भूषणम्** ’ એ સૂત્રનો દુરુપયોગ કરવાથી પૃથ્વીરાજે મહંમદ ઘોરીને વારંવાર ક્ષમા કરી. આ ક્ષમા એક પ્રકારની ભયંકર મૂર્ખતા હતી. તે ક્ષમામાં ઉદારભાવ જેવું કશુંયે ન હતું. પૃથ્વીરાજની મૂર્ખાઇનાં કડવાં ફળો હિન્દીઓ આજે પણ ભોગવી રહ્યા છે

અપરાધી મનુષ્યને ક્ષમા આપવી એ હિન્દુઓનો એક પુરાતન આદર્શ છે, પણ એ આદર્શ એવો નથી કે જેનો ઉપયોગ સર્વ સમયે અને સર્વત્ર કરવાનો હોય. ક્ષમાના આદર્શનો ગમે તેમ ઉપયોગ કરવાથી તે અત્યંત અનર્થકારી નીવડે છે. જે ઘી બળવાન મનુષ્યને માટે લાભદાયી હોય તે જ ઘી ૮-૧૦ દિવસના ઉપવાસવાળા મનુષ્યને ઘાતક નીવડે છે. એક વસ્તુને એક જ રૂપે માની લેવી એ દુરાગ્રહ છે. સુંદર ગાયન ગાવું એ સારી વસ્તુ છે. આમ છતાં ઘરને આગ લાગી હોય કે કોઇનું મૃત્યુ થયું હોય તો સુંદર ગાયન કોઇ રીતે ઇષ્ટ નથી. એ સમયે સુંદર ગાયન કાનને કઠોર લાગે છે. તે સાંભળવું પણ ગમતું નથી. બાળહત્યા કે ગર્ભપાત એ અત્યંત નિંદ્ય છે. પણ બાળક ગર્ભમાં આડું પડી ગયું હોય અને એ ગર્ભાશયમાંથી નીકળતું જ ન હોય તો બાળકને કાપીને કકડા કરી બહાર કાઢવું એ ધર્મ થઇ પડે છે. દરેક વસ્તુનો દેશ, કાલ, પાત્ર, અપાત્ર, વિગેરેની અપેક્ષાએ વિચાર કરવાનો હોય છે. મહાત્મા પુરુષો માટે જે આદર્શ ઉન્નતિકર હોય છે તે જ આદર્શ સામાન્ય મનુષ્યોને અવનતિકારક થઇ પડે છે. તે આદર્શ કોઇ મહાત્માને ઉન્નતિકારક હોય તે જ આદર્શ સામાન્ય મનુષ્યોને તેમના ધ્યેયથી પતન કરાવનાર બને છે.........”

વીર દયાલદાસના મનમાં આ પ્રમાણે વિચારો ઘોળાઇ રહ્યા હતા. તેનું ચિત્ત ક્રોધથી ધમધમી ઊઠ્યું દુઃખથી પીડિત સમસ્ત હિન્દુ સમાજ જાણે નિસાસા નાખતો હોય તેમ તે નિસાસા નાખવા લાગ્યો. તેના આખાયે શરીરમાંથી જાણે હૃદયભેદી આર્ત્તનાદ નીકળતો હતો. થોડી વારમા દયાલદાસે પોતાની તલવાર, ભુજાઓ વિગેરે ઉપર દ્રષ્ટિ નાખી અને તે પછી જન્મભૂમિના ઋણના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બદલો વાળવા નિમિત્તે ઘોડા ઉપર સ્વારી કરીને તેણે પ્રયાણ કર્યું.

વીર દયાલદાસની આ રણયાત્રાનું વર્ણન કરતાં ટોડ સાહેબ જણાવે છે કે:—

"મહારાણાને દયાલદાસ નામે એક અત્યંત સાહસિક અને ચતુર પ્રધાન હતા. મોગલો ઉપર વૈર લેવાની તેને હંમેશાં અત્યંત ઉત્કંઠા રહેતી હતી. દયાળદાસે શીઘ્ર ગતિવાળા ઘોડેસ્વાર સૈન્ય સાથે બને તેટલાં સ્થળો ઉપર આક્રમણ કર્યું અને માળવાનો કેટલોક પ્રદેશ લૂંટી લીધો. દયાળદાસના પ્રચંડ ભુજાઓના બળથી સૌ કોઇ ભયભીત બન્યું હતું. દયાળદાસ અને તેના સૈન્ય સામે કોઇ પણ ઊભું રહી શકતું નહતું. દયાળદાસના સામે ટક્કર ઝીલવાની કોઇની તાકાત નહતી. સારંગપુર, દેવાસ, સરોજ, ઉજ્જૈન, ચંદેરી વિગેરે શહેરો દયાળદાસે પોતાના બાહુબળથી જીતી લીધા. વિજયી દયાલદાસે એ સર્વ શહેરોમાં લૂંટ ચલાવી અને એ સર્વ સ્થળોમાં જે યવન સેના હતી તેનો મોટે ભાગે સંહાર કર્યો. આ રીતે ઘણા ગામો અને શહેરો સર થયાથી મુસલીમોનું બળ કમી થયું. દયાલદાસના ભયથી મુસલીમો એટલા બધા આકુળવ્યાકુળ થઇ ગયા હતા કે કોઇને પોતાના બાન્ધવો પ્રત્યે કોઇ પણ પ્રકારની લાગણી ન રહી. કેટલાક પોતાના સ્ત્રી-પુત્રાદિને ત્યાગ કરી આત્મરક્ષાર્થે નાસી ગયા. વિધર્મીઓના હાથમાં પોતાના માલમાલ્કત ન આપી શકે એ ઉદ્દેશથી ઘણાયે માલમાલ્કતને પણ બાળી મૂકી અને બને તેટલી ઉતાવળે તેઓ ચાલી ગયા. રાજપૂતોએ ઓરંગઝેબના અત્યાચારોનો બદલો લેવામાં કશીયે મણા ન રાખી. ઓરંગઝેબ જેવા હિન્દુઓ પ્રત્યે નિર્ઘૃણ બન્યા હતા તેવા જ નિર્ઘૃણ રાજપૂતો બન્યા. રાજપૂતોએ મુસલીમ ધર્મ ઉપર પણ વેર લીધું. કાજીઓના હાથ-પગ બાંધીને તેમની દાઢી મૂંછ મુંડી નાખી. કુરાનનાં પુસ્તકો કૂવાઓમાં ફેંકી દીધા. દયાળદાસનું હૃદય એટલું કઠોર બની ગયું હતું કે કોઇ પણ મુસલમાનને તેણે ક્ષમા ન જ આપી. મુસલીમોનું માળવા મરુભૂમિ બની ગયું. દયાળદાસને લૂંટમાંથી જે ધન મળ્યું હતું તે ધન એકઠું કરી રાજયના ખજાનામાં મોકલાવી દીધું હતું. એ વિપુલ ધનથી તેણે દેશમાં અનેક સુધારાઓ પણ કર્યા હતા."

"ઓરંગઝેબનાં લશ્કરને હરાવ્યાથી દયાળદાસનો ઉત્સાહ ઘણો વધ્યો હતો. તેની તેજસ્વી બુદ્ધિથી ચિત્તોડની નજીકમાં બાદશાહનાં પુત્ર આઝમ સાથે મહાન્ યુદ્ધ થયું. આ મહાયુદ્ધમાં કુમાર જયસિંહનો દયાળદાસને સંપૂર્ણ સાથ હતો. રાઠોડ અને ખીમી વીરોની ઉત્સાહપૂર્વક સહાયથી વીરવર દયાલદાસે આઝમની સેનાનો પરાજય કર્યો. મોગલ સૈન્યનો પરાજય એવો તો ભયંકર હતો કે શાહજાદા આઝમને પોતાનો પ્રાણ બચાવવા માટે રણથંભોર નાસી જવું પડયું હતું. રણથંભોર પહોંચતાં પહેલાં પણ શાહજાદાને ઘણું નુકસાન પહોંચ્યું હતું. વિજયી રાજપૂતોએ યવન સૈન્યની પાછળ પડી ઘણાખરા સેનાનો સંહાર કર્યો હતો. જે આઝમે આગલે વર્ષે ચિત્તોડ સર કર્યું હતું તે જ આઝમ પરાજય પામ્યો અને તેને પોતાનાં કૃત્યોનું ફળ બરોબર મળી ગયું."*

વડોદરા પાસે આવેલ છાણી ( છાયાપુરી ) નામે ગામના જૈન મંદિરની એક પ્રતિમા ઉપર વીર દયાળદાસના સંબંધમાં એક લેખ માલૂમ પડે છે. મુનિ શ્રી જિનવિજયજીના તંત્રીપદે ( કેટલાક કાળ સુધી ) નીકળેલા પ્રાચીન જૈન લેખ સંગ્રહ-( ભાગ બીજો, પૃ. ૩૨૬-૨૭ ) માં મજકુર લેખ અક્ષરશઃ ઉધ્ધૃત કરવામાં આવેલ છે. મંત્રી દયાળદાસજીએ છાણીના મંદિરની મૂર્ત્તિની સંવત ૧૭૩૨ ના વૈશાક શુદિ સાતમને દિને પ્રતિષ્ઠા કરાવી હતી એવો શિલાલેખનો ભાવાર્થ છે. શિલાલેખ ઉપર દયાળદાસના વંશ-વૃક્ષ સંબંધી નીચે પ્રમાણે ઉલ્લેખ છે:—

* ટોડ રાજસ્થાન, દ્વિતીય ખંડ, અ. ૧૨, પૃ. ૩૯૭-૯૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘવી તેજાજી
|
સંઘવી ગજુજી
|
સંઘવી હાજાજી
|

| | | | |
|---|---|---|---|
| સં. ઉદાજી | સં. કદાજી | સં. દેદાજી | સં. દયાળદાસ |
| સં. સુંદરદાસ | સં. બપુજી | સં. સુરતાણજી | સં. સાંબલદાસ |

રાજપૂતાનાના ઇતિહાસના લેખક પં. ગૌરીશંકર ઓઝા વીર દયાળદાસના વંશ સંબંધી લખતાં જણાવે છે કે: “ દયાળદાસના પૂર્વજો સીસોદીયા રજપૂત હતા. તેમણે જૈનધર્મનો સ્વીકાર કર્યો ત્યારથી તેમની ગણના ઓસવાળોમાં થઇ. દયાલદાસનાં કુટુંબના સંબંધમાં આથી વિશેષ હકીકત પૂર્વજોને માટે મળી શકતી નથી. ”

દયાલદાસ પહેલાં ઉદયપુરના એક બ્રાહ્મણ પુરોહિતને ત્યાં નોકર હતા. મહારાણા રાજસિંહની એક રાણીએ જ્યેષ્ઠ કુમાર સુલતાનસિંહને ઠાર મરાવી પોતાના કુંવર સરદારસિંહને ગાદી આપવવાનું કાવત્રું રચ્યું હતું. રાણીએ જ્યેષ્ઠ કુંવરના સંબંધમાં શક ઉત્પન્ન કરાવવાથી મહારાણાએ જ્યેષ્ઠ રાજકુમારનો સંહાર કરાવ્યો હતો. એ પછી રાણીએ મહારાણાને ઠાર કરાવવાના ઉદ્દેશથી દયાળદાસના પુરોહિત શેઠને એક પત્ર લખ્યો. એ પત્ર પુરોહિતે તલવારનાં મ્યાનમાં ગુપ્ત રાખ્યો. એક દિવસ કંઈ તહેવારને લઇને દયાલદાસને દેવાલી નામના ગામે પોતાને સાસરે જવાનું હતું. રાત્રિ થઇ ગયાથી તેણે પોતાના શેઠ પાસે કંઈ હથિયારની આત્મરક્ષાર્થે માગણી કરી. પુરોહિતથી ભૂલમાં કાગળવાળી તલવાર અપાઇ ગઇ.

દયાલદાસે તલવાર સાથે પ્રયાણ કર્યું, પણ જતાં જતાં તલવાર મ્યાનમાંથી કાઢી એટલે મ્યાનમાંનો પત્ર એની નજરે ચઢ્યો. આથી ચકિત થઇને તેણે કાગળ કાઢીને વાંચવા માંડ્યો. પત્ર વાંચતાં જ મહારાજાનો જાન કોઇ કાળે જોખમમાં આવી પડશે એવી તેને ખાત્રી થઇ. આથી તુરતજ પાછા ફરી મહારાણાની પાસે જઇ પુરોહિતવાળો પત્ર બતાવ્યો. એ પત્ર વાંચતાં જ મહારાણાએ રાણી અને પુરોહિતને ઠાર કરાવ્યા. પોતાની માતાને ઠાર કરવામાં આવી છે એવી કુમાર સરદારસિંહને જાણ થતાં તેણે વિષનું સેવન કરી આત્મઘાત કર્યો.

દયાલદાસની મહાન્ સેવાથી પ્રસન્ન થઇને મહારાણાએ તેને નોકરીમાં રાખી લીધો. દયાળદાસ રાજ્યની એકનિષ્ઠ સેવાથી આગળ વધતાં વધતાં છેવટે પ્રધાન પદે નિયુક્ત થયા. દયાલદાસે ભારે ખર્ચ કરી રાજસમન્દની પાળની પાસે શ્રી આદિનાથનું વિશાળ ચતુર્મુખી મંદિર બંધાવ્યું હતું. એ મંદિર એની કીર્તિનાં સ્મારક રૂપ છે. દયાળદાસને સાંબલદાસ નામે એક પુત્ર હતો. સાંબળદાસ પછી દયાળદાસનાં કુટુંબમાં કોઇ પ્રસિધ્ધ પુરુષ થયાનું જાણવામાં આવ્યું નથી.

ટોડ સાહેબે દયાલદાસના હસ્તાક્ષરવાળું મહારાણાનું એક ફરમાન રાજસ્થાન ( ઇંગ્લીશ આવૃત્તિ )-માં પ્રગટ કર્યું છે. એ ફરમાનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે:

## આજ્ઞાપત્ર.

મહારાણા રાજસિંહ મેવાડના ૧૦ હજાર ગામોનાં સરદારો, મંત્રીઓ અને પટેલોને નિમ્ન લિખિત ફરમાન કરે છે. સૌએ પોતપોતાના દરજ્જા અનુસાર આ ફરમાન વાંચવું:

( ૧ ) જૈનોનાં મંદિરો અને અન્ય ધર્મસ્થાનોની હદમાં કોઇએ જીવહિંસા કરવી નહિ. જૈનોનાં ધર્મ-સ્થળોની હદમાં કોઇ પણ જીવહિંસા ન કરી શકે એ તેમનો પ્રાચીન કાળથી ચાલતો આવેલો હક્ક છે.

( ૨ ) જે જીવ વધ્ય હોવાનું મનાય તે જીવ જૈન સ્થાનમાં જતાં અમર થઇ જાય છે. જૈનીય ધર્મસ્થળમાં જનાર પ્રાણી( નર કે માદા )નો જીવ અવશ્ય બચે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ ) રાજદ્રોહી લૂંટારૂ તેમજ જેલમાંથી નાસી ગયેલા અપરાધી મનુષ્યો જૈન ઉપાશ્રયનો આશ્રય લે તો રાજ્યના અમલદારો તેમને પકડી શકશે નહિ.

( ૪ ) જૈનોએ દાન કરેલી ભૂમિ તેમજ અનેક સ્થળોમાં બનાવેલા ઉપાશ્રયો કાયમ રહેશે.

( ૫ ) યતિ માનની વિનંતિ ઉપરથી આ ફરમાન કાઢવામાં આવ્યું છે. અને યતિશ્રીને ૧૨૦ વીઘા જમીનનું દાન કરવામાં આવ્યું છે.

આ ફરમાન વાંચનાર કોઈ પણ પ્રજાજન બીજા પ્રજાજનોને દુઃખ ન દે, દરેક પ્રજાજને બીજાઓના હક્કની રક્ષા કરવી જોઈએ, બીજા મનુષ્યોના હક્કોનું ઉલ્લંઘન કરનારાઓ ધિક્કારને પાત્ર થશે. હિન્દુઓને ગાય અને મુસ્લીમોને સૂવરના કસમ છે.

ઉક્ત ફરમાન સંવત ૧૭૪૯ માં માહ શુદિ પાંચમને દિને ( ઈ. સ. ૧૬૯૩ ) નીકળ્યું હતું.

સમરકેશરી દયાલદાસે કેટલા યુધ્ધો કર્યાં હતા અને તેઓ કયારે સ્વર્ગવાસી થયા તેનો કંઈ પતો મળતો નથી. રાણા રાજસિંહ જેવા શૂરવીર મહારાણા જેમણે પોતાનું સમગ્ર જીવન ઔરંગઝેબ જેવા સમર્થ બાદશાહ સામે મોરચા માંડવામાં વ્યતીત કર્યું હતું તેના અડગ સાથી તરીકે વીર દયાલદાસે રાજ્યની અમૂલ્ય સેવાઓ બજાવી હતી. તેઓ મહાપરાક્રમી, નીતિનિપુણ અને યુધ્ધપ્રિય હતા.

મહારાણા રાજસિંહના સ્વર્ગવાસ પછી કુમાર જયસિંહ ગાદીએ આવ્યો હતો. ઔરંગઝેબના પુત્ર અકબરે જ્યારે પોતાના પિતા સામે યુધ્ધ મચાવ્યું હતું ત્યારે ઉદયપુર રાજ્યે અકબરનો પક્ષ કર્યો હતો. એ સમયે પણ વીર દયાલદાસે મહાન યુધ્ધમાં ઝંપલાવી અપૂર્વ શૌર્ય દાખવ્યું હતું.

દયાલદાસ જેવા મંત્રીવીરો લાખમાં એક હોય છે. દયાલદાસ ગુણગંભીર, રણવીર, સરલ સ્વભાવી અને અત્યંત વિવેકી હતા. તેઓ સુહૃદોના પ્રાણરૂપ હતા. ધન્ય છે દયાળદાસને ! ધન્ય છે એના જીવનને ! !

# તૃષ્ણાથી તૃપ્તિ થતી નથી

જાગેલી તૃષ્ણાઓવાળા જીવો તૃષ્ણાથી દુઃખિત થઈને પછી વિષયસુખની ઇચ્છા કરે છે અને મરતા સુધી તૃષ્ણાના દુઃખથી સંતપ્ત થઈ તે દુઃખો અનુભવ્યા કરે છે, પરંતુ ઇંદ્રિયોથી પ્રાપ્ત થતું સુખ દુઃખરૂપ જ છે; કારણ કે ઇંદ્રિયસુખ હંમેશાં પરાધીન હોય છે, વિઘ્નયુક્ત હોય છે, વિનાશી હોય છે, બંધનું કારણ હોય છે તેમજ અતૃપ્તિકર છે.

—શ્રીમાન્ કુંદકુંદાચાર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દર્શન — પ્રાપ્તિ

લેખક: ચોકસી

અભ્યાસી જીવનના ચોથા તબક્કે આવતાં જ વિચારક આત્મા કોઇ વિલક્ષણ દશા અનુભવે છે. અત્યાર સુધી એના મનમાં જુદા જુદા પંથો તરફ દોડવાની, એમાં રહેલ મનોહરતાથી આકર્ષાવાની, અને 'આ ખરૂં કે તે ખરૂં' એવી અસ્થિર વૃત્તિ હતી તેનો કંઇક છેડો આવતો દૃષ્ટિગોચર થાય છે. ચોથા અભિનંદન જિનના સ્તવનમાં જે ઉદ્દગાર પ્રગટ થાય છે એ પરથી એનો ભાસ થાય છે.

'મત મતભેદ રે જો જઇ પૂછીયે,
સહુ થાપે અહમેવ.'

શરૂઆતની લીંટી દર્શાવે છે કે આત્માને-વિચારકને-સ્વ-સ્વરૂપની પિછાન કરવાના દૃઢ જિજ્ઞાસુને વિવિધ પંથોના સંભારમાંથી એક પંથ અર્થાત્ એક દર્શનનું અવલંબન લેવાની પ્રબળ ભાવના ઉદ્દભવી છે પણ એની સાચી પરીક્ષા કરવાની ગમ ન હોવાથી એ કિંકર્ત્તવ્યમૂઢ બને છે. અને એથી સહજ એની દૃષ્ટિ ચોથા જિન શ્રી અભિનંદનસ્વામી પ્રતિ વળે છે. લોકોક્તિ છે કે 'ચોથું ચોક પૂરે' અને અહીં સાદશ્યતા એ છે કે અભિનંદન નામમાં જ એવી શક્તિ રહેલી છે કે એનાથી સર્વના મનોવાંછિત સફળ થાય. વાત પણ સાચી છે. જે મર્યાદા ી રૂષભદેવથી આરંભાઇ છે એ ત્યારપછીના દરેક પગલે કંઇ ને કંઈ પ્રગતિ દાખવે છે:જ.

ભિન્ન ભિન્ન મતમતાંતરો, એની જાત જાતની માન્યતાની જાળો વચ્ચે ફસી પડેલો આત્મા સહજ પોકારી ઊઠે છે કે આ બધામાં સાચું દર્શન કયું? આત્માને કાયમને માટે કર્મોના પાસમાંથી છોડાવે એવી શક્તિ કોનામાં છે?

એ પ્રશ્નની સાથે વિચારશ્રેણી આગળ વધે છે. દર્શનની યથાર્થ પરીક્ષા કરવામાં પોતાની પંગુ દશાનું ભાન થાય છે. એકાદ મદિરા પીધેલો માનવી, દારૂના ઘેનમાં જેમ ચંદ્ર-સૂર્યના રૂપનું આલેખન કુંડાળાં કરી કિંવા ચક્રાવા આલેખી બતાવે તેવું ઘણાખરા દર્શનકારોના મત-પ્રરૂપણમાં જણાય છે. બીજી બાજુ આપનું દર્શન પણ એકદમ સમજાય તેવું નથી કેમકે એમાં અપેક્ષાવાદથી પ્રત્યેક વસ્તુનું તોલન કરવાની આવડત જોઇએ છે. સાથોસાથ એમાં કહેવાયેલા નયવાદ અને આગમવાદ સમજવા સારૂ જે વિશિષ્ટ જ્ઞાનની અને એ વિષયના પૂર્ણ જ્ઞાતાઓની અગત્ય છે તે આજે કયાં છે? આ બધું નયન સામે રમતું ભાવી સ્હેજે વિષાદ ઉપજાવે છે.

આ બધાનો પાર પામવા પ્રયત્ન સેવું છું તો સામે અંતરાયોરૂપી ડુંગરાની કતાર ખડી થયેલી દેખાય છે. સાથે માર્ગદર્શક ભોમિયો પણ નથી છતાં ધીઠાઇ કરી, મન મજબૂત બનાવી કૂચ-કદમ કર્યા રાખું છું.

માત્ર દર્શન શબ્દ પોકારે રાખું તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એ માટે બીજા કંઇ સંગીન પ્રયાસ ન આદરું તો જંગલના રોઝ સાથે જ મારી પણ સરખામણી થાય અર્થાત મૂર્ખાઓમાં મારું સ્થાન મોખરે આવે. વળી મારી ઇચ્છા તો અમૃતનું પાન કરવાની છે. એ જો હું સામે આવતી મુશ્કેલીઓ દેખી પાછો પડું તો બર આવે તેમ નથી. પછી તો અમૃતપાનના પિપાસુને વિષપાન કરવાનો સમય આવે. મિથ્યા દર્શનોરૂપી વમળમાં એ અથડાયા જ કરે તેથી હે પ્રભુ! તમારો સધિયારો લીધો છે. દર્શનરૂપી મનોરથ તમારી કૃપાથી મુશ્કેલ છતાં સરલ બનશે એમ મારું અંતર પોકારે છે. આત્માનો એ નિરધાર દર્શાવતી લીંટીઓ ટાંકી શ્રીમદ્ આનંદઘનજી મહારાજ પૂર્ણાહુતિ કરે છે કે—

**તરસ ન આવે હો મરણ જીવનતણો,**
**સીજે જો દરિસણ કાજ.**

એ લીંટીઓનું મનન ચાલુ રાખી આત્માની ઓળખમાં આપણે આગળ વધવાનું છે.

# સાચો શ્રમણ

જે મુનિ જીવજંતુ મરે કે ન મરે તેની કાળજી રાખ્યા વિના પ્રવૃત્તિ કરે છે તેના વડે એક પણ જીવ મરે કે ન મરે તો પણ તેને છયે જીવવર્ગો માર્યાનું બંધન થાય છે. પરન્તુ જો તે કાળજીપૂર્વક પ્રવૃત્તિ કરતો હોય, તો તેનાથી જીવો મરે તો પણ તે જળમાં કમળની પેઠે નિર્લેપ રહે છે.

શરીરપ્રવૃત્તિ કરવા જતાં જીવ મરે તો બંધ થાય કે ન પણ થાય, પરંતુ પરિગ્રહથી તો બંધ થાય જ માટે ડાહ્યા શ્રમણો બધા પરિગ્રહનો ત્યાગ કરે છે.

સાચા શ્રમણને માત્ર શરીર વિના બીજો પરિગ્રહ હોતો નથી. એ શરીરમાં પણ તેને મમત્વ ન હોવાથી, તેનું તે અયોગ્ય આહારાદિ વડે લાલન કરતો નથી. વળી જરા પણ શક્તિ ચોર્યા વિના તેને તે તપમાં તપાવે છે.

—શ્રીમાન્ કુંદકુંદાચાર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિતશિક્ષાનો ખજાનો

યાને

# ગુજરાતી કહેવત—સંગ્રહ

સંપાદકઃ રાજપાળ મગનલાલ વહોરા

अ

૧ અધૂરો ઘડો છલકાય.
૨ અક્કલનો બારદાન છે.
૩ અજાણ્યા ને આંધળા સરખા.
૪ અન્ન તેવું મન
૫ અણીનો ચૂક્યો સો વરસ જીવે.
૬ અણબોલાવ્યા બોલે તે તણખલાને તોલે.
૭ અંધારે પણ ગોળ ગળ્યો લાગે.
૮ અજાણ્યું ફળ ખાવું નહિ, ને અજાણ્યે રસ્તે જાવું નહિ.
૯ અંધેરી નગરી ને ગંડુ રાજા
૧૦ અન્ન સમા પ્રાણ.
૧૧ અધીં મળે તો આખાને ન બાઝવું.
૧૨ અસૂર થયા ને રાત રહ્યા.
૧૩ અંકુશ વિના હાથી પણ બગડે.
૧૪ આહાર ને ઊંઘ વધાર્યાં વધે ને ઘટાડ્યા ઘટે.
૧૫ આડી રાત તેની શી વાત?
૧૬ આદર્યાં અધવચ રહે.
૧૭ આડે લાકડે આડો વહેર.
૧૮ આંગણે કૂવો ને વહુ ઉછાંછળા.
૧૯ આથમ્યા પછી અસૂર શી? ને લૂંટાણા પછી ભય શો?
૨૦ આચાર તેવા વિચાર.
૨૧ આ હાથથી દેવું ને આ હાથથી લેવું.
૨૨ આંગળીથી નખ વેગળા તેટલા વેગળા.
૨૩ આંખની શરમ આડી આવે.
૨૪ આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ.
૨૫ આશા અમર છે.
૨૬ આંખ વિના અંધારૂં છે.
૨૭ આગળ બુદ્ધિ વાણીયો, પાછળ બુદ્ધિ બ્રહ્મ.
૨૮ આઠ આઠ વરસના બે શું કામના?
૨૯ આંધળાને આંધળો ન કહેવો.
૩૦ આપણે વેંત નમીએ તો સામો હાથ નમે.
૩૧ આટા લુણમાં જાય.
૩૨ આખું સાકરકોળું ન ગળાય.
૩૩ આહાર તેવો ઓડકાર.
૩૪ આપ મુવા વિના સ્વર્ગે ન જવાય.
૩૫ આભ ફાટ્યું ત્યાં થીગડું ક્યાં દેવું?
૩૬ આરંભે શૂરા છે.
૩૭ આંધળાની આંખ ને પાંગળાનો ટેકો છે.
૩૮ આઘે જાઈ તો બૂડી મરી ને ઓરે રહી તો તરશે મરી.
૩૯ આત્મા સો પરમાત્મા.
૪૦ આંધળે બહેરૂં કુટાય છે.
૪૧ એક અંગારીઓ આખા ખેતરને બગાડે.
૪૨ ઉતાવળે આંબા ન પાકે.
૪૩ એકડા વિનાના મીંડા નકામા છે.
૪૪ એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખ્યું.
૪૫ ઉછળ્યું ધાન પેટમાં ન રહે.
૪૬ ઉતાવળા સો બહાવરા, ધીરા સો ગંભીર.
૪૭ ઊજળું એટલું દૂધ ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૮ ઓછું બોલે ને અંતર કોરે.
૪૯ અડદથી ઊજળો છે.
૫૦ ઉંટના ઉંટ ઊડી જાય ને પુણીના ભાવ પુછાય.
૫૧ એકના પાપે આખું વહાણ ડૂબે.
૫૨ એક દીકરે દીકરાવાળા નહિ ને સો રૂપિયે રૂપિયાવાળા નહિં.
૫૩ ઉંટ ગાંગરતા પલાણ થાય.
૫૪ ઉંટના અઢારે અંગ વાંકા હોય.
૫૫ ઉંટ મરે તોય મારવાડ સામું જોવે.
૫૬ એકથી બે ભલા.
૫૭ અમસ્થીએ રાંડી ને શીરાવતાએ રાંડી.
૫૮ એકલા આવ્યા, એકલા જવાનું.
૫૯ ઉતાવળો બે વાર પાછો ફરે.
૬૦ ઉકરડીને વધતા વાર ન લાગે.
૬૧ ઊના પાણીએ ઘર ન બળે.
૬૨ ઊલમાંથી ચૂલમાં પડ્યા.
૬૩ અનાજ મીઠું નથી પણ ભૂખ મીઠી છે.
૬૪ ઊગતા સૂરજને સૌ નમે.
૬૫ આવતી વહુ ને બેસતો રાજા.
૬૬ એક કાંકરે બે પક્ષીને સજા થાય.
૬૭ અક્કલ અંધારે વહેંચાણી છે.
૬૮ અક્કલ બજારમાં મળતી નથી.
૬૯ ઉંટ મેલે આકડો ને બકરી મેલે કાંકરો.
૭૦ ઓળખીતો સીપાઇ બે ધક્કા વધુ મારે.
૭૧ ઓળખાણ એ મોટી ખાણ છે.
૭૨ એક ઘાએ કૂવો ન ખોદાય.
૭૩ ઊંઘ વેચી ને ઉજાગરો કર્યો.
૭૪ એક સરખા બધા દિ' રાજા રામના એ નથી ગયા.
૭૫ એક નન્નો છત્રીશ રોગને હણે.
૭૬ ઊંઘતો બોલે પણ જાગતો ન બોલે.
૭૭ અરણ્યરૂદન શા કામનું ?
૭૮ અક્કલ મોટી કે ભેંસ ?
૭૯ એક ઓછો થાય તો બાકી નવાણુંનું કરવું.
૮૦ અદેખાઇનું મોં બાળો.
૮૧ એક સપુત કુળને અજવાળે.
૮૨ એક કપૂત સાત પેઢીને બોળે
૮૩ અંધારે અજવાળા થયાં
૮૪ ઉંટવૈદ્ય છે
૮૫ ઊજળી તોય રાત છે
૮૬ ઓછું પાત્ર ને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો
૮૭ એક આપે ને બીજો વારે તે જાય જમને બારે
૮૮ ઊંડા પાણીમાં શા સારુ ઉતરવું જોઇએ ?
૮૯ અવળે અસ્ત્રે હજામત થઇ
૯૦ ઊગે તે આથમે
૯૧ ઉદાર બનવું પણ ઉડાઉ નહિ
૯૨ એક તોલડી તેર વાના માગે
૯૩ અમર પટ્ટો લખાવીને કોઈ નથી આવ્યું
૯૪ એના દૂધ, સાકર ને ચોખા નથી ગયા
૯૫ આંખમાં આંગળી કરોને લઈ ગયા
૯૬ આગે આગે ગોરખ જાગે
૯૭ આજની ઘડી, કાલનો દિ. ( દિવસ )
૯૮ એક સાથે બે ઘોડે ન ચડાય
૯૯ એક લાખે ન મળે, એક તાંબીયાના તેર
૧૦૦ એક નૂર આદમી હજાર નૂર કપડાં
૧૦૧ એક રોટી બે લંગોટી
૧૦૨ આઘા જઇને પાછા વળવાનું
૧૦૩ ઉંદર બીલાડી જેવો મેળ (?) છે
૧૦૪ ઉદય પછી અસ્ત ને અસ્ત પછી ઉદય
૧૦૫ ઉજ્જડ ગામની જમીન કોણ ભરવા જાય?
૧૦૬ ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન
૧૦૭ એક રામે લુંકા લુંટી, તો જેના પર સોળ રામ (આના-વ્યાજના)ચડતા હોય તેનું શું થાય ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરમાત્માનું અધિરાજ્ય

બેરીસ્ટર ચંપતરાયના Key of knowledge નામક ગ્રંથનો અનુવાદ

( ગત વર્ષના પૃષ્ઠ ૩૨૨ થી શરૂ )

" **મ**નુષ્ય શરીરરૂપ બ્રહ્મનાં નિવાસસ્થાનમાં, પદ્મવત્ સ્વલ્પ ભાગમાં સૂક્ષ્મ અંતરાકાશ વર્ત્તે છે. એ અંતરાકાશમાં સ્થિત આત્માને જ વસ્તુતઃ શોધવાનો છે. "-છાંદોગ્ય ઉપનિષદ.

" વિશ્વનો પ્રભુ, વિશ્વનો સમ્રાટ અને વિશ્વનો અધિષ્ઠાતા હૃદયના અંતર ભાગમાં વિરાજે છે. " બૃહદારણ્યક ઉપનિષદ.

આત્માની પરિપૂર્ણતાના આવિર્ભાવ માટે, આંતરવૃત્તિનું પરિણમન થાય એમાં જ ખરા વિકાસનું રહસ્ય રહેલું છે એમ આત્મવાદીઓ પુરાતન કાળથી કહેતા આવ્યા છે. પરિપૂર્ણતા એ આત્માનું સત્ય સ્વરૂપ છે. એ સ્વરૂપનું આવરણ થવાથી આત્માને પોતાનું અધિરાજ્ય થઇ શકતું નથી. પરમાત્માનું અધિરાજ્ય જામતું નથી. આત્મા પરિપૂર્ણ સ્વરૂપના આવિર્ભાવ માટે ઘણાયે પ્રયત્નો કરે છે પણ તે પ્રાયઃ વ્યર્થ નીવડે છે. આત્માનાં સત્ય સ્વરૂપને આવરણરૂપ કર્મોનું નિવારણ થતાં, આત્મા માટે સુખનાં દ્વાર ઉઘડે છે. આત્મા સર્વથા મુક્ત બને છે. અજ્ઞાનનો વિચ્છેદ થતાં, આત્માનું દિવ્ય સ્વરૂપ ઝળકી ઉઠે છે, અજ્ઞાનમાં ઝકડાયેલો આત્મા મુક્ત થાય છે. આત્માનું જ્ઞાન થતાં, આત્માનાં ગૌરવ યુક્ત વસ્તુસ્વરૂપનો પ્રાદુર્ભાવ થાય છે. આત્મા સચ્ચિદાનંદ પરમાત્મા બને છે. આત્માને પરમાત્માનું અધિરાજ્ય પ્રાપ્ત થાય છે.

ઇસુએ પરમાત્માનાં અધિરાજ્યના સંબંધમાં જગતને જે બોધ આપ્યો તે વિષે આપણે કંઇક વિચાર પ્રથમ કરીએ. દરિદ્રો અને વ્યાધિગ્રસ્તોનાં દુઃખનું નિવારણ, સત્તાનો ઉચ્છેદ થઇ જાય એવી સામાજિક ક્રાન્તિ, સંસારમાં સર્વ રીતે સમાનતા એ આદિ મંતવ્યોને ઇસુનાં 'પરમાત્માનાં અધિરાજ્ય'માં કોઇ વિશિષ્ટ સ્થાન ન જ હતું. પરમાત્માનું અધિરાજ્ય એટલે આત્માનું શાશ્વત સુખમય અમર જીવન એવું ઇસુનું મંતવ્ય નહિ હોય એમ પણ પ્રતીત થઇ શકે છે.

આમ છતાં ઇસુ સુજ્ઞ અને વિદ્વાન્ હોવાથી, પરમાત્માનાં અધિરાજ્ય વિષયક તેનો ઉપદેશ છેક નિઃસત્વ કે નિરર્થક નહતો. ઇસુ સંસારનો અનુભવી હતો. ઘણા દેશોમાં તેણે પ્રવાસ પણ કર્યો હતો. તેનું જ્ઞાન આથી કેટલેક અંશે સંગીન બન્યું હતું. તે ધર્મતત્વોનો અભ્યાસી બન્યો હતો. ઇસુએ હિન્દ અને ટીબેટનો પ્રવાસ પણ કર્યો હતો એવી કેટલાક વિચારકોની દૃઢ માન્યતા છે.

ઇસુની એક કબર કાશ્મીરમાં છે એમ કહેવાય છે. કાશ્મીર અને પેલેસ્ટાઇનના કેટલાંક સ્થળોનાં નામોની સામ્યતા સ્વામી રામતીર્થ અને અન્ય પ્રવાસીઓને સ્પષ્ટ રીતે જણાઇ આવી છે* ટીબેટના એક મઠમાંથી મળી આવેલી એક હસ્તલિખિત પ્રતમાંથી પેલેસ્ટાઇનથી ટીબેટ સુધીના ઇસુના પ્રવાસનું સવિસ્તર વર્ણન મળી રહે છે. ઇસુનું તત્વજ્ઞાન પ્રાયઃ હિન્દનાં તત્વજ્ઞાનને અનુરૂપ હતું એમ સિદ્ધ થઇ શકે છે.

ઇસુએ ઉપવાસ આદિ વિવિધ પ્રકારના તપ નિમિત્તે ૪૦ દિવસ સુધી વનનો જ આશ્રય લીધો

* The Proceedings of The Convention of Religions for 1909, pp. 197-201.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો. ઇસુનું અનશન-તપ ઇઝરાઇલ લોકોને અપૂર્વ દૃષ્ટાન્ત રૂપ હતું. જૈન અને હિન્દુ યોગમતવાદીઓના પ્રભાવથી ઇસુએ ઉપવાસ આદિ તપશ્ચરણ કર્યું હતું એમ નિર્દિષ્ટ થાય છે.

ઇસુના કેટલાક કેટલાક ઉપદેશો હિન્દુ ધર્મના સિદ્ધાન્તોને અનુરૂપ હતા. તેનો જીવન-બોધ યોગી જેવો હતો. તેણે યોગી જેવું જીવન વ્યતીત કરવાનો જે બોધ આપ્યો છે તેવો બોધ બીજા કોઇ ખ્રિસ્તીએ આપ્યો નથી એમ જૂના ખ્રિસ્તશાસ્ત્ર ઉપરથી માલૂમ પડે છે.

તેના દૃષ્ટાન્તો અને રૂપકો અપૂર્વ હતાં. ખ્રિસ્તીઓમાં તેની જોડી પણ નથી મળી શકતી. કથાઓ, રૂપકો અને બોધક દૃષ્ટાન્તોદ્વારા જનસમૂહને બોધ દેવો એ હિન્દમાં પ્રાચીન કાળથી પ્રચલિત પ્રણાલિકા છે. હિન્દીઓની પ્રજ્ઞા અને હિન્દીઓની કથાઓ આદિનો ઇસુને અનેરો લાભ મળી શકયો અને તેથી તેનો ઉપદેશ હિન્દીઓના તત્ત્વજ્ઞાનને પ્રાયઃ અનુરૂપ બન્યો એ સાહજિક છે. ઇસુને હિન્દ અને હિન્દીઓમાંથી પ્રજ્ઞાની પ્રાપ્તિ થઇ એ નિર્વિવાદ છે.

કાશ્મીરમાં ઇસુની કબર ન પણ હોય, કાશ્મીર અને પેલેસ્ટાઇનના કેટલાંક સ્થળોનાં નામોની સામ્યતા આકસ્મિક પણ હોય અને ઇસુના પ્રવાસવર્ણનવાળી હસ્તલિખિત પ્રત બનાવટી પણ હોય. આમ છતાં ઇસુ પોતાનાં આધ્યાત્મિક જ્ઞાન માટે હિન્દ અને હિન્દીઓનો ઋણી હતો એ નિઃશંક છે.

ક્રાઇસ્ટનાં રૂપકો તેની બુદ્ધિ અને જ્ઞાનની સાક્ષીરૂપ છે. રૂપકો આદિથી પોતાનાં મંતવ્યનું સમર્થન કરવું એમાં પ્રજ્ઞા અને વિદ્વત્તાની ખાસ અપેક્ષા રહે છે. જીસસના સંવાદોમાં તેના બુદ્ધિચાતુર્યનું પ્રદર્શન થતું. ઉત્તમ બોધમય એ સરલ સંવાદોમાં જ્ઞાન તરવરી રહેતું.

ઇસુને ધર્મશ્રધ્ધાનાં મુળ સત્યો માટે બહુમાન હતું. તેનામાં વિદ્વત્તા અને ડહાપણ હતાં. ધર્મસિધ્ધાન્ત અને મનુષ્યની આજ્ઞા વચ્ચેનો ભેદ તે સમજી શકતો. સત્ય ધર્મના સિધ્ધાન્તોને પ્રાચીન રૂઢીઓ કરતાં તે વિશેષ મહત્ત્વ આપતો. આથી ધર્મ-સિધ્ધાન્ત કરતાં રૂઢીને પ્રાધાન્ય આપવાનું તેને કહેવામાં આવતાં, તેનો પુણ્ય પ્રકોપ જાજ્વલ્યમાન સ્વરૂપમાં દૃષ્ટિગોચર થતો.

ઇસુ પરમાત્માનાં અધિરાજ્ય સંબંધી વારંવાર ઉપદેશ આપતો. પોતાનાં અનેક કથનોમાં પણ તેણે ઇશ્વરના અધિરાજ્ય સંબંધી ખૂબ નિર્દેશ કર્યો છે. આથી પરમાત્માનું અધિરાજ્ય એટલે ઇસુની દૃષ્ટિએ શું હતું તે યથાર્થ રીતે સમજવાની જરૂર છે. પરમાત્માનું અધિરાજ્ય એટલે દુન્યવી અધિરાજ્ય કે રાજ્યસુખ એવી માન્યતા ઇસુની કોઇ કાળે ન હતી. પરમાત્માનું અધિરાજ્ય એ શબ્દોથી કોઇ દેશનું અધિરાજ્ય કે એવો કોઇ અર્થ કોઇ મનુષ્ય ભાગ્યે જ ઘટાવે. ઇસુને પરમાત્માનાં અધિરાજ્ય સંબંધો વારંવાર પૃચ્છા થતી હતી. આથી ઇસુએ પરમાત્માનાં અધિરાજ્ય સંબંધી પોતાનો નિમ્ન મત એક પ્રસંગે વ્યક્ત કર્યો હતોઃ-

" પરમાત્માનું અધિરાજ્ય નિરીક્ષણથી પ્રાપ્ત નથી થતું. પરમાત્માનું અધિરાજ્ય અહિં કે તહિં કયાંયે પણ નથી. પરમાત્માનું અધિરાજ્ય તમારી અંદર જ છે. "-લ્યુક.

પરમાત્માનું અધિરાજ્ય કોઇ ઐતિહાસિક પ્રસંગ છે કે એ અધિરાજ્ય કોઇ સ્થાનરૂપ છે એવી ઇસુની માન્યતા ન જ હતી. પરમાત્માનું અધિરાજ્ય અંતરમાંથી પ્રાપ્ત થાય છે એવું ઇસુનું સ્પષ્ટ કથન હતું.

રાઇનો દાણો સ્વલ્પ હોવા છતાં, તેમાંથી અનંત કણોનો પ્રાદુર્ભાવ થાય છે. અને એ રીતે રાયના દાણાની વૃદ્ધિ અને વિકાસ થાય છે. ઇસુ પરમાત્માનાં અધિરાજ્યની રાઇના દાણા સાથે કેટલીક વાર તુલના કરતો. પરમાત્માનાં અધિરાજ્યની પ્રાપ્તિ થયા પછી, પરમાત્માનું અધિરાજ્ય જાણ્યે-અજાણ્યે પ્રાયઃ વધ્યા કરે છે એવી ઇસુની માન્યતા હતી. ઇસુ એ માન્યતાનો અનેક રીતે આવિષ્કાર કરતો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાત્માનું અધિરાજ્ય કેવી રીતે વધે છે અને ઇંદ્રિયોથી અદ્રશ્ય એ સ્વલ્પ જેવું રાજ્ય વૃદ્ધિ પામી કેવી રીતે અનંત બને છે એ એક અત્યંત વિચારણીય પ્રશ્ન છે. આત્મામાં પરમાત્માનું અધિરાજ્ય થયાથી, એ અધિરાજ્ય સર્વ જીવોને અત્યંત સુખદાયી કેમ થઇ શકે છે એ અત્યંત વિચારાસ્પદ વિષય થઇ પડે છે.

પરમાત્માનાં અધિરાજ્ય સંબંધી સ્થૂલ દષ્ટિએ વિચાર કરતાં, પરમાત્માનું અધિરાજ્ય એટલે શરીર, રક્તાદિ એવો જ અર્થ નીકળી શકે પણ પરમાત્માનું અધિરાજ્ય એટલે શરીર, રક્તાદિ એમ માનવું એ ઉપલક દષ્ટિએ પણ વિવેકશૂન્ય જણાય છે. સૂક્ષ્મ બુદ્ધિથી વિચારતાં, પરમાત્માનું અધિરાજ્ય એટલે આંતર ઇશ્વરનું અધિરાજ્ય એવો જ અર્થ નિષ્પન્ન થાય છે.

પરમાત્માનાં અધિરાજ્યથી આત્માની દિવ્યતાની જ્યોત ઝળહળી ઊઠે છે સત્ય અને પરિપૂર્ણ પરમાત્માનો આવિષ્કાર થાય છે. આથી પરમાત્માનું અધિરાજ્ય એ આત્માને માટે સૌથી વિશેષ આવશ્યક છે. પરમાત્માનાં અધિરાજ્યનો બોધ સદાકાળ ઉપયુક્ત છે. તેનું મહત્ત્વ સદાકાળ એકસરખું છે. પરમાત્માના અધિરાજ્યનો ઉપદેશ જનતાને પરમ કલ્યાણકારી છે.

પરમાત્માના અધિરાજ્યનું મહત્ત્વ ઇસુની રગેરગમાં વ્યાપી ગયું હતું. આથી તે એનો જ ઉપદેશ નિરંતર આપતો. તે આત્માનાં અધિરાજ્યનું મહત્ત્વ સૂચવવા ઉપદેશ દરમિયાન કેટલીક વાર કહેતો કે;-

"હે જગતના મનુષ્યો ! લોકોને કહો કે, જે પ્રભુની તમે શોધ કરી રહ્યા છો તે પ્રભુ વસ્તુતઃ તમારી અંદર જ છે. પ્રભુ સ્વયંભૂ છે. બીજે શોધ્યાથી પ્રભુની પ્રાપ્તિ નથી થતી-પ્રભુ મનુષ્યનાં પવિત્ર હૃદયમંદિરમાં છે. પ્રભુ જ્યાં હોય ત્યાં જ તેનું અધિરાજ્ય હોય."

પરમાત્માનું અધિરાજ્ય આત્મામાં જ હોય. તે અંતરાત્માથી બહાર ન હોય. તે પરમાત્માનાં અધિરાજ્યની પરિણતિ અંતરથી જ થાય છે. પરમાત્માનું અધિરાજ્ય એ સ્વર્ગનાં સ્વર્ગરૂપ છે, તે પરમ સુખનું નિવૃત્તિ-સ્થાન છે. આત્મામાં જ પરમાત્માનું અધિરાજ્ય સ્થાપિત થાય છે. આત્મામાં જ પરમાત્મા અધિરાજ્ય બને છે. આત્માનો યથાર્થ આંતરવિકાસ થયાથી નિરાબાધ સુખની પ્રાપ્તિ થાય છે અને પરમાત્માનું અધિરાજ્ય પ્રવર્તે છે. પરમાત્માનું અધિરાજ્ય એ સુશ્રદ્ધાના એક મહાન પરિણામ રૂપ છે. સુશ્રદ્ધા યોગ્ય રીતે પરિણતિ થતાં આત્માનો યથેચ્છ વિકાસ થાય છે. આત્મા પરમાત્માનાં અધિરાજ્યનાં સિંહાસને આરૂઢ થાય છે.

પરમાત્માનું અધિરાજ્ય એટલે કોઇ ઉચ્ચ મનોભાવ એમ માનસિક દષ્ટિએ કહી શકાય. જો માનસિક ભાવ સુખમય હોય તો મનુષ્યને એક પ્રકારનું સુખ થાય છે. સુખ એ આત્માનું સત્ય સ્વરૂપ છે. ઉચ્ચ મનોભાવથી મનોવિકારો અને પાપયુક્ત ઇચ્છાઓ ઉપશાન્ત થાય છે અને એ રીતે આત્માને સુખ મળી રહે છે. મનોવિકારો અને ઇચ્છાઓરૂપી અશુધ્ધિનું ઉચ્ચ ભાવોથી નિવારણ થતાં, મહામૂલ્ય આંતરસુખની પ્રાપ્તિ થાય છે. મનોવિકારો આદિનો ઉચ્છેદ થતાં આંતર સુખરૂપી રત્નનો સ્વયમેવ પ્રાદુર્ભાવ થાય છે. આંતર સુખ તેજોમય પ્રકાશરૂપે ઝળકયા કરે છે.

આત્માનું વસ્તુસ્વરૂપ દિવ્ય છે. આત્મામાં પરમાત્માનું અધિરાજ્ય સ્થાપી શકાય છે એવી શ્રધ્ધાયુક્ત માન્યતાથી, ઉચ્ચનીચનો ભેદ રહેતો જ નથી. નિઃસ્પૃહ અને અનિચ્છાને કારણે, મનુષ્યને વાસ્તવિક શાન્તિ પ્રાપ્ત થતાં ખરા સુખની પરિણતિ થાય છે.

પરમાત્માનાં અધિરાજ્યની દ્રઢ શ્રધ્ધાથી, મુક્તિની પ્રાપ્તિનું કાર્ય સરલ બને છે. આત્મા પોતે જ પરમાત્મા છે એવી માન્યતાથી જગતના કર્તા કે વ્યવસ્થાપક રૂપ કોઇ ઈશ્વર હોવાનાં મંતવ્યનો ઉચ્છેદ થાય છે. ઈશ્વરને કર્તા આદિ માનવાથી, આત્માની નીચતાનો ભાસ થાય અને એ રીતે આત્માનું અધઃપતન સંભવે. આથી આત્માનાં અધઃપતનનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણરૂપ ઇશ્વરકર્તૃત્વવાદના સિદ્ધાન્તને મનુષ્યે તિલાંજલી આપવી ઘટે છે. સાચો પરમાત્મા અંદર જ હોય; બહાર ન હોય. એ પરમાત્માને અંદરથી શોધી કાઢી, પરમાત્માનું અધિરાજ્ય સ્થાપવું એ દરેક મનુષ્યનું પરમ કર્તવ્ય છે.

ઇસુની માન્યતા અનુસાર, પરમાત્માનું અધિરાજ્ય આ લોકમાં જ પ્રાપ્ત થઇ શકે છે. અનુયાયીઓની એ સંબંધમાં સામાન્ય રીતે એવી માન્યતા છે કે કયામતને દિને સર્વનો પ્રભુ તરફથી ઇન્સાફ થયા બાદ. પુણ્યવંત મનુષ્યોને હંમેશને માટે જે સ્વર્ગ મળે છે તે જ પરમાત્માનું અધિરાજ્ય. ઇસુ અને તેના અનુયાયીઓની માન્યતામાં કેટલો બધો વિચિત્ર મતભેદ ?

સ્વર્ગમાં પરમાત્માનું અધિરાજ્ય પ્રાપ્ત થાય છે એમ માની લઇએ તો, સ્વર્ગના વિષય-વિલાસો આદિથી સ્વર્ગ સુખને બદલે દુઃખરૂપ બને એ દેખીતું છે. દરેક પુણ્યશાળી મનુષ્યને સ્વર્ગ પ્રાપ્ત થાય એટલે કાળાઓના સંસર્ગથી ગોરી ચામડીવાળાઓને દુઃખ અને ઘૃણા ઉત્પન્ન થાય. કેટલાકને એથી સ્વર્ગમાં રહેવાનું રુચે પણ નહિ.

સ્વર્ગમાં સુખ મળે છે, અને નર્ક દુઃખાસ્પદ છે એ માન્યતા કંઇ નવી નથી. એ માન્યતા પુરાતન કાળથી જ ચાલી આવે છે, પણ તેથી સ્વર્ગ કે નર્કમાં શાશ્વત નિવાસ એમ કોઇ પણ મનુષ્યને માટે ન સંભવી શકે.

સુખમય અમર જીવન એ જ ખરૂં જીવન છે. પરમ સુખમય અમૃત એ જ ખરો જીવન-પ્રવેશ છે. દુઃખમય અમરત્વ એ જીવન નથી પણ મૃત્યુની એક પ્રકારની પરંપરા છે. દુઃખમય અમર જીવન એ જીવન નથી પણ અવિરત દુઃખમય છે.

સદાચરણ અને ઉચ્ચ પ્રતિનાં પુણ્ય કાર્યોથી સુખમય અમર જીવનની સંભાવના રહે છે. દુરાચરણ અને ઘોર પાપકાર્યોથી નર્કની પ્રાપ્તિ પ્રાયઃ થાય છે. સ્વર્ગ અને નર્કની શાશ્વત પ્રાપ્તિની માન્યતા વિવેકશૂન્ય હોય છે.

સચ્ચિદાનંદ રૂપ આત્મા એ જ પરમ સુખનાં કેન્દ્રરૂપ છે. સચ્ચિદાનંદ આત્મામાં જ પરમાત્માનું અધિરાજ્ય જામી શકે છે. સચ્ચિદાનંદ આત્માની પુણ્યમય જ્યોતિથી સુખનો જ ઉદ્‌ભવ થાય છે. એ પવિત્ર જ્યોતિનો અભાવ હોય ત્યાં પરમાત્માનું અધિરાજ્ય નથી થતું. દુનિયા દુઃખમય અને દુઃખકારી લાગે છે. દુનીયામાં અજ્ઞાનરૂપ ઘોર તિમિરનો સર્વત્ર ભાસ થાય છે. આને નર્ક કહેવાય તો શું ખોટું ?

સુખ એ આત્માનું વાસ્તવિક સ્વરૂપ ન હોય તો સુખને માટે મનુષ્યને હરહંમેશ ઝંખના ન થાય. મનુષ્યને શાશ્વત સુખ ન મળે. સુખમાં પરિવર્તનો થયાં કરે. સુખનાં ભાવથી સુખની પ્રાપ્તિની શક્યતા પ્રતીત થાય છે. દરેક મનુષ્ય સુખની ઝંખના અને શોધ કરે છે, એથી સુખ એ કંઈ નવીન વસ્તુ નથી પણ કોઇ ગુપ્ત વસ્તુ છે એમ સિદ્ધ થાય છે.

મનુષ્ય દુનિયાનાં ક્ષણિક સુખોમાં ગમે તેટલો નિમગ્ન થયો હોય, અસત્ મનોભાવોમાં ચકચૂર રહેતો હોય છતાંયે તેને વિશુદ્ધ સુખની પ્રાપ્તિ માટે સદૈવ ઉત્કટ ઇચ્છા રહે છે. જીવનની કોઇ ધન્ય ક્ષણોમાં, તેને વિશુદ્ધ સુખ પ્રાપ્ત કરવાની મહત્ત્વાકાંક્ષા થાય છે. કાર્ય-વ્યવસાયથી કાંઇક નિવૃત્ત સ્થિતિમાં, સુખનાં સંબંધમાં ગંભીર વિચારણાઓ જાગે છે અને આત્માને વિશુદ્ધ સુખની પરિપ્રાપ્તિ માટે કુદરતી ઝંખના થાય છે. આ પ્રમાણે નિર્મળ સુખની તીવ્ર ઇચ્છા અંતરાત્મામાંથી ઉદ્‌ભવે છે. અંતરાત્મા એ જ સુખ અને સ્વર્ગનું નિષ્પત્તિ-સ્થાન છે. આત્માનાં પ્રાકૃતિક સુખનો આવિર્ભાવ થતાં, પરમાત્માનું અધિરાજ્ય જામે છે. આત્માનાં સાહજિક સુખનો અનુભવ એ જ મુક્તિ. અપ્રાકૃતિક આવરણોને ફેંકી દઇને, પ્રાકૃતિક સુખ પ્રાપ્ત કરવું-આત્મારૂપી પરમાત્માનું અધિરાજ્ય મેળવવું એ દરેક આત્માનો પરમ ધર્મ છે.

આત્માનાં અધિરાજ્યનો અમૂલ્ય માર્ગ સર્વ આત્માઓ માટે સદાકાળ ખુલ્લો છે. દુઃખ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃત્યુનાં કારણરૂપ અનાત્મીય માર્ગને તિલાંજલી આપી, જેઓ સત્ય માર્ગ ગ્રહણ કરે છે તેમને પરમાત્માનું અધિરાજ્ય અવશ્ય પ્રાપ્ત થાય છે. સત્ય માર્ગ ગ્રહણ કરનાર મનુષ્યોને આત્માનું આધિદૈવત્વ અને સત્ય અમર જીવનની પ્રાપ્તિ થાય છે એ નિ:શંક છે.

સચ્ચિદાનંદ રૂપ આત્મામાં અનેરી શ્રદ્ધાથી, જગત્ સ્વર્ગરૂપ બને છે. આત્માને વિશુદ્ધ આનંદની પરિણતિ થાય છે. આત્માનું સુખમય અધિરાજ્ય થાય છે. આત્માને ખરાં જીવનની પ્રાપ્તિ થાય છે. જીવનના સત્ય આનંદનો સાક્ષાત્કાર પરિણમે છે. આત્માને ખરી શાન્તિનો અનુભવ નિશદિન થયાં કરે છે. જીવનની રસ–લ્હાણમાં દિનપ્રતિદિન ઓર વધારો થયા કરે છે.

ઇન્દ્રિય–લાલસાઓમાં અનુરક્તિ એ આત્માનાં અધ:પતનરૂપ છે, તેથી શરીર આદિ ભૌતિક વસ્તુઓમાં આત્મભાવ જાગે છે. આત્મીય વસ્તુઓમાં મનોભાવો પરિણત નથી થતાં. ઇંદ્રિયલાલસા મનુષ્યનું મહાનમાં મહાન પારતંત્ર્ય છે. ઇંદ્રિય-લાલસાથી દુ:ખ અને મૃત્યુની પરંપરા કોઇ રીતે ટળતી નથી. આથી ઇન્દ્રિયલાલસાનો પરિહાર એ આત્મ–સુખના વાંચ્છુઓ માટે સર્વ રીતે ઇષ્ટ છે. ઇંદ્રિય-લાલસાના પરિત્યાગથી જ આત્માનું અધિરાજ્ય થાય છે.

પરમાત્માનું અધિરાજ્ય એ જ સત્ય વસ્તુ છે. એ અધિરાજ્ય જીવનની અનેરી લ્હાણ છે. એ જીવનની ઇષ્ટ સિદ્ધિ છે. પરમાત્માનું અધિરાજ્ય એ જીવનનું ખરું સુખ છે. એ અધિરાજ્ય સદ્ય સ્થિતિમાં પણ સંભવી શકે છે.

કયામતને દિને મૃત જીવોનું પુનરુત્થાન થશે અને પુણ્યવંત જીવોને એટલે લાંબે સમયે શાશ્વત સ્વર્ગ અર્થાત્ પરમાત્માનું અધિરાજ્ય મળશે એ માન્યતાનો કંઇ અર્થ જ નથી. મૃત્યુ બાદ પુનરુત્થાનની આ માન્યતા વિવેકશૂન્ય છે. એ માન્યતા નરી અંધશ્રદ્ધાનાં પરિણામરૂપ છે. હેકલે આ માન્યતાના સંબંધમાં સત્ય કહ્યું છે કે:—

“ કયામતના દિન બાદ શાશ્વત અમર જીવનને કારણે, પોતાનાં વ્હાલાંઓ ( આપ્તજનો વિગેરે ) નો સહવાસ સદાકાળ મળી શકે છે એવું મંતવ્ય ભ્રમયુક્ત લાગે છે. જો વ્હાલાંઓનું મિલન થાય એમ માની લઇએ તો, શત્રુઓ વિગેરેનું મિલન પણ થાય એમ માનવું જ પડે. શત્રુઓ વિગેરેનાં મિલનથી વહાલાંઓનું મિલન નિરર્થક જેવું બને એમાં કંઇ શંકા નથી. વ્હાલાંઓનો શાશ્વત સહવાસ પણ અનેક રીતે દુ:ખરૂપ થઇ પડે. પોતાની પત્ની આદિનો શાશ્વત સહવાસ સર્વથા ઇષ્ટ જ થઇ પડે એમ આ સંબંધમાં સૂક્ષ્મ વિચાર કરતાં નથી જણાતું. સો સ્ત્રીઓના પતિ અને ઉપર બાળકોના પિતા પોલેન્ડના મહાશક્તિશાલી રાજા ઓગસ્ટસને પણ પત્નીઓ આદિનો શાશ્વત સહવાસ સ્વર્ગમાં રુચિકર થઇ પડે કે નહિ એ એક વિચારણીય પ્રશ્ન છે. ”

મૃત્યુ બાદ પુનરુત્થાનનું મંતવ્ય કોઇ રીતે સત્ય ઠરી શકતું નથી. એ મંતવ્ય સત્ય માનીએ તો, અનેક આશંકાઓ ઉદ્ભવે છે. મૃત્યુ બાદ પુનરુત્થાન સંભવનીય હોય તો, સ્વર્ગનું શાશ્વત્ જીવન એક જ પ્રકારનું હોય કે ભિન્ન ભિન્ન સ્વરૂપયુક્ત હોય એ પ્રશ્ન સૌથી પ્રથમ ઉપસ્થિત થાય છે. સર્વ આત્માઓનો વિકાસ સ્વર્ગમાં એક સરખો જ થયા કરે કે કેમ અથવા તો સ્વર્ગમાં કોઇ પણ પ્રકારના વિકાસને સ્થાન જ નથી કે કેમ એ પ્રશ્નો પણ ઉદ્ભવે છે. અકાળ મૃત્યુ પામેલાં બાળકની સ્થિતિ સર્વથી વિકાસ રહિત જ રહે કે કેમ, શરીર વિગેરેની શક્તિથી વંચિત બનેલા વૃદ્ધો વિગેરે કઇ સ્થિતિમાં સ્વર્ગમાં શાશ્વત જીવન વ્યતીત કરે એ પ્રશ્નોના સમાધાનકારક જવાબો પણ પુનરુત્થાન–મતવાદીઓને આપવાના રહે છે.

અત્યંત સૂક્ષ્મ દ્રષ્ટિએ વિચાર કરતાં, શાશ્વત સ્વર્ગ કે નર્કની માન્યતા એક ફારસરૂપ લાગે છે. જો શાશ્વત સ્વર્ગ અને શાશ્વત નર્ક જેવું હોય તો ઇશ્વરને સર્વ મનુષ્યોના બે વિભાગો કરવા પડે. એ વિભાગો કરતી વખતે કરોડાવધિ મનુષ્યોમાં પ્રબળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસંતોષ વ્યાપી રહે. એ અસંતોષનું નિવારણ કરવા માટે ઇશ્વર કોઇ મધ્યમ માર્ગ કાઢવા જાય તો તે પણ કોઇને પસંદ ન પડે. મધ્યમ માર્ગને બદલે બીજો કોઇ માર્ગ ઇશ્વર ગ્રહણ કરે તો તેનું પરિણામ દુઃખ આદિ દૃષ્ટિએ જગતની સદૈવ પ્રવર્ત્તમાન સ્થિતિને અનુરૂપ જ આવે. આ રીતે સ્વર્ગ દુઃખરૂપ જ બને. સ્વર્ગના મનુષ્યો જેમનું સુખદુઃખ ઇશ્વરની કૃપા કે અવકૃપાનાં પ્રમાણમાં ઓછુંવત્તુ હોય તેમના વચ્ચે સાહજિક રીતે ઇર્ષ્યાભાવ ઉત્પન્ન થાય. પરમાત્માનું સ્વર્ગ અને નર્ક જો આવાં જ હોય તો જગતમાં એવાં સ્વર્ગ અને નર્ક નથી શું?

મનુષ્યને તેના પાપો અનુસાર જ શિક્ષા થવી જોઇએ એવો કુદરતનો અવિચળ ન્યાય છે. જો અમુક મનુષ્યોને શાશ્વત સ્વર્ગ અને અમુક મનુષ્યોને શાશ્વત નર્ક પ્રાપ્ત થાય તો તેમાં ન્યાયનું હડહડતું ખૂન થાય છે એ સ્પષ્ટ છે. થોડાં પાપ કરનારને શાશ્વત નર્ક અને ઘણાં પાપો કરનારને પણ શાશ્વત નર્ક મળે એ કયાંનો ન્યાય? એ નથી સમજાતું. ઇશ્વરનો આવો ન્યાય હોય તો એ ઇશ્વર અન્યાયની પ્રતિમૂર્તિરૂપ છે એમ જ કહી શકાય.

કોઇ મનુષ્યને તેનાં પાપ માટે પશ્ચાત્તાપ આદિની તક ન આપવી અને હંમેશને માટે તેને નર્કમાં સ્થાન આપવું એ પાપનાં સ્વરૂપ અને પરિણામની દૃષ્ટિએ વિચાર કરતાં, ઘોરમાં ઘોર અન્યાય રૂપ લાગે છે. પરમાત્મા ખરો ન્યાયી અને દયાળુ હોય તો તે આવી શિક્ષા ન જ કરે. કહેવાતા પરમાત્માનું ગૌરવ પણ તેથી નિઃશેષ થાય છે.

એક સ્ત્રી જેણે એક પછી એક કેટલાંક ભાઇઓ સાથે લગ્ન કર્યાં હતાં તેના સંબંધી નિર્દેશ કરતાં ઇસુએ જે ઉદ્દગારો કાઢયા હતા તે ઉપરથી ખુદ ઇસુને વ્હાલાઓના મિલનની શકયતાની દ્રષ્ટિએ, પુનરુત્થાપનના મતમાં જરાયે શ્રદ્ધા ન હતી એમ સમજી શકાય છે. ઇસુએ તે પ્રસંગે કહ્યું હતું કે-

"આ દુનીયામાં મનુષ્યો અર્થાત્ સ્ત્રી-પુરુષોનાં લગ્ન થાય છે. સ્વર્ગની દુનિયામાં કોઇનાં લગ્ન નથી થતાં. પુનરુત્થાન બાદ તે દુનિયામાં નિવાસ કરવા યોગ્ય સ્ત્રી-પુરુષોના લગ્ન સંભવતાં નથી."

મૃત્યુ બાદ પુનરુત્થાનનો મત યાહુદીઓ, ઇજીપ્શીઅનો, પારસીઓ અને ઇસ્લામીઓને માન્ય છે. એ મતનું મૂળ હિન્દુઓના યમદેવ ઉપરથી નીકળી શકે છે. યમરાજા પાપ પુણ્ય અનુસાર મનુષ્યો વિગેરેને શિક્ષા કરે છે. જે તે મનુષ્યને તેનાં પાપ કે પુણ્ય અનુસાર સ્વર્ગ કે નર્ક મળે છે એવું હિન્દુઓનું મંતવ્ય છે. યમરાજા ન્યાયનો અવતાર ગણાય છે. તે સર્વ જીવોના ઇષ્ટ અનિષ્ટ કર્મોનો ન્યાય કરીને દરેક જીવને યોગ્ય શિક્ષા કરે છે એમ હિન્દુઓ શ્રદ્ધાપૂર્વક માને છે. *

મૃત્યુ બાદ પુનરુત્થાનમાં માનનારા બધા મનુષ્યો, મૃત્યુ બાદ પુનરુત્થાન એટલે શાશ્વત સ્વર્ગ કે નર્કની પ્રાપ્તિ એમ ન માનતા. હાલ પણ ઘણા મનુષ્યોની એવી માન્યતા નથી. દરેક મનુષ્યને તેનાં મૃત્યુબાદ કર્મોને અનુસાર સ્થિતિ પ્રાપ્ત થાય છે એવી પુનરુત્થાનના સંબંધમાં સામાન્ય માન્યતા પ્રવર્ત્તતી હતી. હાલ પણ એવી જ માન્યતા સામાન્ય રીતે પ્રવર્તે છે. કર્મરૂપ સૂક્ષ્મ બળોને કારણે, આત્માને જુદી જુદી સ્થિતિ પ્રાપ્ત થાય છે. એક પછી એક શરીરો, નિવાસસ્થાનો અને પરિસ્થિતિ બદલાય છે એ મૃત્યુબાદ પુનરુત્થાનનો રહસ્યાર્થ છે.

મૃત્યુ બાદ શાશ્વત સ્વર્ગ (પરમ વિશુદ્ધ સુખમય સ્થિતિના અર્થમાં) નિર્વાણથી જ પ્રાપ્ત થઈ શકે. નિર્વાણની પ્રાપ્તિથી, આત્મા પરમ સુખમાં

* યમની બહેનનું નામ યમી. તેનો જન્મ યમ સાથે જ થયો હતો. પોતાની સાથે લગ્ન કરવા માટે, યમીએ યમને ઘણીયે વાર યાચના કરી હતી પણ એ યાચનાનો યમે અસ્વીકાર જ કર્યો હતો. યમી એટલે મૂર્ત્તિમાન કર્મ-ફલ. કર્મફલ એટલે આત્માની પરિસ્થિતિમાં પરિવર્ત્તનજનક કર્મસમુદાય એવો અર્થ નીકળી શકે છે. કર્મ-ફલનું અસ્તિત્વ આત્માથી પર ન હોઈ શકે. કર્મ અને કર્મ-ફલનો ઉદ્ભવ સાથે જ થાય છે. યમ એ યમીનો જોડીયો ભાઈ છે, (નહિ કે પતિ) એમ આ ઉપરથી પ્રતીત થઈ શકે છે. આત્માની અશુદ્ધ સ્થિતિમાં જ કર્મ અને કર્મ-ફલની પરિણતિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિલીન થાય છે. આત્મા સહુ જ સુખમાં શાશ્વત અનેરો આનંદ અનુભવે છે. શાશ્વત સ્વર્ગ આ પ્રમાણે નિર્વાણથી જ સંભવી શકે છે. નિર્વાણ વિના શાશ્વત સ્વર્ગ કોઇ બીજી રીતે સંભાવ્ય નથી જ.

સર્વ મનુષ્યોનું પુનરુત્થાન થશે એમ ખુદ ઇસુએ પણ કહ્યું નથી. ઇશ્વરના ખરા પુત્રરૂપ જેઓ મહાન્ પુણ્યશાલીઓ છે અને જેઓ દેવ આદિ સ્વરૂપમાં સ્વર્ગમાં રહેવા માટે સર્વથી પાત્ર હોય તેમનું જ પુનરુત્થાન થશે એમ ઇસુએ કહ્યું છે. સ્વર્ગમાં સ્ત્રી–પુરુષ જેવું કાંઇ નથી અર્થાત્ સંસાર–વાસનાના મૂર્ત્ત અનુભવને માટે સ્વર્ગમાં સ્થાન જ નથી એમ પણ ઇસુએ સાફ સાફ શબ્દોમાં જણાવ્યું છે.

સર્વ જીવોનું સમકાલીન પુનરુત્થાન અશક્ય જ હોય. આ હકીકત બાજુએ મૂકતાં, ઇસુનાં ઉપરોક્ત કથનો અત્યંત રહસ્યપૂર્ણ છે. એ કથનોનું રહસ્ય એ જ હોઇ શકે કેઃ-આત્મા કુદરતી રીતે જાતિથી પર છે. તેમાં જાતિ જેવું કશુંયે નથી. આત્માને તેનાં કર્મો પ્રમાણે સ્ત્રી કે પુરુષનું શરીર પ્રાપ્ત થાય છે. એક જ આત્મા સ્ત્રી કે પુરુષરૂપે અનેક અવતારો લે છે. કોઇ વાર નપુંસકત્વ પણ પ્રાપ્ત થાય છે. જેઓ ખરેખરા પુણ્યશાલી હોય તેઓ જન્મ અને મૃત્યુથી મુક્ત થાય છે. આત્માની અલિંગતાને કારણે તેઓ પણ લિંગરહિત બને છે.

પુનરુત્થાનનું આ રહસ્ય સૌ કોઇએ સમજવાનું છે, પુનરુત્થાપનમાં ખરી રીતે મૃત્યુનો જય અને અમર જીવનની પ્રાપ્તિ રહેલ છે.

પુનરુત્થાનના સિદ્ધાન્તનું ખરૂં રહસ્ય સમજનારને પુનર્જન્મના સિદ્ધાન્તની પ્રતીતિ જરૂર થઇ શકે છે.

## જીવાત્માને ઉપદેશ

સંગ્રાહકઃ—મુનિ શ્રી લક્ષ્મીસાગરજી

જીયા ભોળે! હો મત કરો ઇતના ગુમાન.
મેરા મેરા કરતા કોઇ નહીં તેરા,
એસા સમજો કે ભજો ભગવાન. જીયા૦ ૧
માત પિતા હો તેરે કોઇ ન સાથી,
નિકલ ચલેગી એકલી તેરી જાન. જીયા૦ ૨
ઘડી ઘડી કરત ઘટત જાય છીંન છીંન,
આયુ ચલે જાય જેસે પીપલ કે પાન;
આયુ ચલે જાય જેસે કુંજર કે કાન,
આયુ ચલે જાય જેસે સન્ધ્યા કે વાન. જીયા૦ ૩
સદ્ગુરુ કહે તે સુણો હો ભવિકજન,
મોહ મદ છોડો જબ મિલે નિર્વાણ. જીયા૦ ૪
**અજિત** કહત કર જોડી વિનયસે,
ગઇ સો ગઇ હો અબ સાવધાન. જીયા૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક વિદ્યાવ્યાસંગી ત્યાગી જીવનની સુવાસ

## સ્વ૦ મુનિરાજશ્રી ચતુરવિજયજીની ઉજ્જવળ સાહિત્યસેવા

[ લેખક—શ્રી ભોગીલાલ સાંડેસરા ]



કેટલાંક જીવન પ્રવૃત્તિપ્રધાન હોય છે, કેટલાંક નિવૃત્તિપ્રધાન જીવનને ઘણી વાર અણઘટતી પ્રસિદ્ધિ મળે છે, જ્યારે નિવૃત્તિ-પ્રધાન જીવન પોતાની એક સ્થિર જીવનદૃષ્ટિને નજર સમીપ રાખીને આત્મકલ્યાણાર્થે વા લોકસંગ્રહાર્થે અનાસક્તપણે કાર્ય કર્યે જાય છે—પછી તેને પ્રસિદ્ધિ મળો કે ન મળો. પહેલા પ્રકારનું જીવન ભલે લોક-બત્રીસીએ ચઢતું, પણ બૌદ્ધિક અને આધ્યાત્મિક સંસ્કારિતાનું ધરાતલ તૈયાર કરનાર જીવન તો આ બીજા પ્રકારનું જ. પ્રત્યેક જીવનલક્ષી માણસને મન સામ્રાજ્યસંસ્થાપક સમુદ્રગુપ્ત કરતાં અષ્ટાધ્યાયીકાર પાણિનીનું સ્થાન અનેકગણું ઊંચું જ રહેવાનું.

આવી એક નિવૃત્તિપ્રધાન જીવનકલાએ થોડા દિવસ પૂર્વે આ જગતમાંથી વિદાય લીધી છે.

એ જીવનકલા ધારણ કરનારનું નામ મુનિ ચતુર-વિજયજી. જૈન સાહિત્યના ભારતપ્રસિદ્ધ સંગ્રાહક અને સંરક્ષક પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીના એ શિષ્ય તથા પ્રખર વિદ્વાન અને વિખ્યાત ગ્રન્થસંપાદક મુનિશ્રી પુણ્યવિજયજીના એ ગુરુ. એ વિદ્વાન ગુરુ—શિષ્ય-પ્રશિષ્યની ત્રિપુટી આજે તૂટી ગઇ છે અને માત્ર જૈન સમાજને જ નહિં પણ હિન્દભરની પંડિતાઇને તેનો અફસોસ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ગ્રંથભંડારોનો સમુદ્ધાર—

આજથી સીત્તેર વર્ષ પૂર્વે જન્મેલા અને પચાસ વર્ષ પૂર્વે દીક્ષિત થએલા મુનિશ્રી ચતુરવિજયજીએ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ઇત્યાદિ પ્રાચીન ભાષાઓ અને કાવ્ય, કોશ, અલંકાર, જૈનાગમો ઇત્યાદિ સાહિત્યનો અભ્યાસ કર્યો બાદ પ્રાચીન સાહિત્યના સમુદ્ધારનું કાર્ય હાથમાં લીધું. તે કાળે પ્રાચીન જૈન ભંડારોની દશા ખૂબ અસ્તવ્યસ્ત અને અવ્યવસ્થિત હતી. સંગોપનનું જે કંઇ કાર્ય પોળનાં પંચો કે શહેરોના સંઘો તરફથી થતું તે રૂઢિજડ અને બુદ્ધિરહિત હતું. પાટણ જેવું શહેર કે જ્યાંના ભંડારોમાંના હસ્તલિખિત ગ્રન્થોની સંખ્યા આશરે ૧૪૦૦૦ જેટલી થવા જાય છે, ત્યાંપણ એ જ સ્થિતિ હતી. પ્રવર્તક શ્રી. કાન્તિવિજયજી અને મુનિશ્રી ચતુરવિજયજીએ ભંડારોના સમુદ્ધારનું કામ હાથ ધર્યું. દરેક ભંડારના ગ્રન્થોના સવિસ્તર, વિગતવાર લીસ્ટ તૈયાર કરાવ્યાં અને પ્રત્યેક ગ્રન્થ ઉપર ટકાઉ કાગળનું કવર ચડાવી તેના ઉપર પ્રતનો નંબર લખાવવાની વ્યવસ્થા શરૂ કરી, જેથી અભ્યાસીઓનું કાર્ય ખૂબ જ સરળ બની ગયું. વળી ભંડારના ઉદ્ધાર માટે નાણાં એકત્ર કરવામાં પણ મુખ્યત્વે ચતુરવિજયજીનો જ હિસ્સો હતો. ગયા એપ્રિલ માસમાં પાટણમાં હેમ સારસ્વત સત્ર ઉજવાયો અને ભંડારો રાખવા માટેનું સુન્દર મકાન ખુલ્લું મૂકાયું તે પ્રસંગે ગૂજરાતના જે સાહિત્યરસિકો હાજર હતા તેમનાથી ગૂજરાતની સંસ્કારિતાના ઇતિહાસના એક સીમાચિન્હ તરીકેની એ કાર્યની સૂચકતા અજાણી નહીં જ રહી હોય. આ બધાં કાર્યોને અંગે સ્વયં સતત પ્રયત્ન કરતા છતાં પોતે ગુપ્ત રહી આ કાર્યનો યશ ચતુરવિજયજીએ ગુરુચરણે જ ધર્યો છે અને ગુરુદેવના ગૌરવમાં ઉમેરો કર્યો છે. ઉપરાંત, લીંબડીના જ્ઞાનભંડારોને વ્યવસ્થિત કરી તેની વિગતવાર સૂચિ પ્રસિદ્ધ કરવાનો યશ પણ તેમને જ ઘટે છે. તેમણે સંખ્યાબંધ પ્રત્યંતરો એકત્ર કરીને સેંકડો હસ્તલિખિત ગ્રંથો સુધાર્યાં હતા; અને એવી રીતે શુદ્ધ કરેલા ગ્રન્થો તેમણે પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીના વડોદરા તથા છાણી ખાતેના જ્ઞાનભંડારોમાં મૂકેલા છે. આ ઉપરાંત ઉધઇ કે ઉંદરના મોંમાં જતાં બચાવેલા કે જળસમાધિ લેતાં અટકાવેલા એવા સેંકડો હસ્તલિખિત ગ્રંથો પણ તેમણે એ ગ્રંથભંડારોમાં સુરક્ષિત રાખેલા છે.

સદ્‌ગતના જૈન દેવનાગરી અક્ષરો દિવ્ય હતા. હું સમજું છું કે જેમણે પ્રાચીન હસ્તલિખિત પ્રતો જોઇ નથી તેમને આ 'દિવ્ય' વિશેષણ વધારે પડતું લાગશે; કેમકે એ કલા હવે લુપ્તપ્રાય: બની છે. પરન્તુ તેમની લિપિ જોઇને મોટા લહિયાઓ પણ અંજાઇ જતા. તેમણે અનેકોને લેખનકલામાં પ્રવીણ કર્યાં હતા, જેના પ્રતીકરૂપે પ્રાચીનમાં પ્રાચીન તાડપત્રના ગ્રન્થોની સર્વાંગશુદ્ધ અને કલામય નકલો કરનાર પાટણવાળા શ્રી. ગોરધનદાસ લક્ષ્મીશંકર ત્રિવેદી આજે વિદ્યમાન છે. સતત છ વર્ષ પર્યંત સંખ્યાબંધ લહિયાઓએ મુનિજીની દેખરેખ નીચે હજારો ગ્રન્થ લખ્યા છે.

### બે મહાન કાર્યો—

આમ છતાં, મુનિશ્રી ચતુરવિજયજીના જીવનમાં સૌથી મહાન કાર્યો હું બે સમજું છું: એક, આત્માનંદ જૈન ગ્રંથમાલાનું પ્રકાશન અને બીજું મુનિશ્રી પુણ્યવિજયજી જેવા, शिष्यादिच्छेत् पराजयम्‌ની લાગણી અનુભવવાનું મન જેમને જોઇને થાય એવા, આદર્શ શિષ્યનું ઘડતર. આત્માનંદ ગ્રંથમાળા તરફથી જૈન ધાર્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક ઉપયોગિતાવાળા ૮૭ સંસ્કૃત પ્રાકૃત ગ્રંથો ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભા મારફત આજ સુધીમાં પ્રસિદ્ધ થઇ ગયા છે અને ત્રણ ગ્રંથો હાલમાં છપાય છે. એ ગ્રંથમાલાના ઉત્પાદક, સંચાલક અને સંપાદક ચતુરવિજયજી હતા. ગ્રંથમાળાના સંવર્ધન માટે જીવનના અંત સુધી તેમણે કોઇ ધ્યેયલક્ષી યુવાનને છાજે એવા ઉત્સાહ અને આનંદથી જહેમત ઉઠાવી છે. તેમની એકતાનતા જોઇને અજાણ્યા માણસોને તો ખૂબ જ આશ્ચર્ય થતું. હું પાટણ હાઇસ્કુલમાં અભ્યાસ કરતો ત્યારે ત્યાંના હેડમાસ્તર શ્રી કલ્યાણરાય જોષી મને વારંવાર કહેતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે, " પુણ્યવિજયજી ખૂબ કામ કરે છે, તે માટે મને માન થાય છે પણ આશ્ચર્ય નથી થતું. આશ્ચર્ય તો સાઠી વટાવી ગયેલા ચતુરવિજયજીને જોઇને થાય છે."

સદ્દગતની સમગ્ર વિદ્વત્તાનો વારસો તેમના શિષ્ય મુનિશ્રી પુણ્યવિજયજીને મળ્યો છે. પુણ્યવિજયજીને કેળવીને જૈન સમાજ અને ગુજરાત ઉપર તેમણે મહાન ઉપકાર કર્યો છે. સર્વ વિષયોને આવરી લેતી પુણ્યવિજયજીની વિદ્વત્તા જેટલી અદ્દભુત છે તેટલું જ ગુરુના જીવનકાર્યમાં તેમનું તાદાત્મ્ય પણ અદ્દભુત હતું. ઘણાંખરાં ગ્રંથ સંપાદનો એ ગુરુ–શિષ્યે સાથે મળીને જ કરેલાં છે. 'ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકલા' એ વિષય પરનો પુણ્યવિજયજીનો નિબંધ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાને વરેલો છે. એ ગુરુશિષ્યને ચરણે બેસીને મેં અપભ્રંશ અને જૂની ગુજરાતીના ઘાડા જંગલમાં યથાશકિતમતિ કેડીઓ પાડવાનો પ્રયત્ન કર્યો છે. ઉમળકાભર્યા એકવચનથી બોલાવતા ચતુરવિજયજીના સાદનો ભણકાર હજીયે વાગે છે અને વિદ્યાનું ઋણ તો કેમ કરીને ફેડાશે ?

## વિદ્વાનોનું તીર્થસ્થાન : પાટણ–

અવસ્થાને કારણે પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી શિષ્યપરિવાર સહ દસેક વર્ષ થયાં પાટણમાં સ્થિર થઇને રહેલા છે ત્યારથી તો પાટણ ખરા અર્થમાં વિદ્વાનોનું તીર્થસ્થાન બની રહેલું છે. ભંડારનો ઉપયોગ કરવા કે જોવા માગનાર પ્રત્યેક સજ્જનને પ્રવર્તકજીના પટ્ટશિષ્યે બધી જ સગવડો અપાવેલી છે. સૌજન્ય અને નમ્રતા એટલી બધી કે કદી પણ કોઇની આગળ ઉપકારનો ભાવ પ્રકટ થવા દીધો નથી.

સદ્દગતનો જીવનવ્યવસાય હતો વિદ્યાવ્યાસંગ એટલે જીવનભર પ્રત્યેકને જોઇએ તેટલી મદદ તેમણે કર્તવ્યબુદ્ધિથી કરેલી છે. સદ્દગત ચીમનલાલ દલાલ પાટણના ભંડારોનું સાંગોપાંગ અવલોકન કરી શકેલા તે શ્રી ચતુરવિજયજીની સહાયને પરિણામે જ. જો તેમ ન થયું હોત તો સ્વ. દલાલની તપાસનું પરિણામ પણ ભાંડારકર, પિટર્સન કે બુલ્હરની તપાસના જેવું અર્ધદગ્ધ જ રહ્યું હોત. આ ઋણનો સાભાર ઉલ્લેખ સ્વ. દલાલે ગાયકવાડઝ ઓરિએન્ટલ સિરીઝમાં પોતાના લગભગ પ્રત્યેક સંપાદનની પ્રસ્તાવનામાં કરેલો છે. 'સન્મતિતર્ક' ના દુઃસહ સંપાદનકાર્યમાં પં. સુખલાલજી અને પં. બેચરદાસજીને તેઓ તરફથી કેટલી કિંમતી સહાય મળી હતી તેનો સ્વીકાર એ સંપાદકો જ કરશે. શ્રી. રસિકલાલ પરિખને 'કાવ્યાનુશાસન'ના સંપાદનમાં પણ એ સહાય ખૂબ ઉપયોગી થઇ પડી હતી. પંડિત–પ્રવર શ્રી. જિનવિજયજી તો ચતુરવિજયજીના જ એક વારના અંતેવાસી છે; અને 'પ્રવર્તક શ્રી કાન્તિવિજય જૈન ઇતિહાસમાળા' માં જિનવિજયજીએ પ્રસિદ્ધ કરેલા 'વિજ્ઞપ્તિ ત્રિવેણી' 'પ્રાચીન જૈન લેખ સંગ્રહ,' 'કૃપારસ કોષ,' 'શત્રુંજયતીર્થોદ્ધાર,' 'ઐતિહાસિક ગૂર્જર રાસસંચય' ઇત્યાદિ ગ્રંથો તેઓશ્રીના સહકારને ઓછા આભારી નથી. આ ઉપરાંત, પં. લાલચંદ્ર ગાંધી, શ્રી. ચીમનલાલ જયચંદ શાહ, પં. ભગવાનદાસ હરખચંદ, શ્રી. મોતીચંદ કાપડિયા, શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇ, શ્રી. સારાભાઇ નવાબ, પ્રો. હીરાલાલ કાપડિયા, ડો. ત્રિભુવનદાસ શાહ, શ્રી. નાથાલાલ છ. શાહ ઇત્યાદિ વિદ્વાનોને પણ તેઓશ્રી તરફથી વખતોવખત વિવિધ સહાય મળેલી છે.

સદ્દગતનું માનસ જરા ય સાંપ્રદાયિક નહોતું. અનેક જૈનેતર વિદ્વાનો પણ તેમની સહાય અને સહકારના એટલા જ પ્રમાણમાં અધિકારી બન્યા છે. ડો. હીરાનન્દ શાસ્ત્રી કે ડો. ભટ્ટાચાર્ય, ડો. પી. એલ. વૈદ્ય કે પ્રો. બળવંતરાય ઠાકોર, રવિશંકર રાવળ કે મંજુલાલ મજમુદાર, સ્વ. કેશવલાલ ધ્રુવ કે સ્વ. તનસુખરામ ત્રિપાઠી, રામલાલ મોદી કે કનૈયાલાલ દવે, કલ્યાણરાય જોષી કે ચતુરભાઇ પુરુષોત્તમદાસ પટેલ, મધુસૂદન મોદી કે કેશવરામ શાસ્ત્રી, મણિલાલ મિસ્ત્રી કે અમૃતલાલ વસન્તલાલ, નાનાલાલ મહેતા કે ધર્માનંદ કોસંબી સૌને જોઇતી તમામ સહાય તેમણે ઉદારભાવે આપેલી છે. મારા જેવા જૈનેતર ઉપર પણ તેઓશ્રીની અસીમ કૃપા હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાશ્ચાત્ય વિદ્વાનો પૈકી જર્મનીના ડૉ. યાકોબી અને શુબ્રીંગ, ઇટલીના ડૉ. ટેસીટરી, ઝેકોસ્લોવેકિયાના ડૉ. વીન્ટરનિત્સ, ફ્રાન્સના ડૉ. સીલ્વેં લેવી, અમેરિકાના ડૉ. નોર્મન બ્રાઉન વગેરેને પણ તેમના સંશોધન કાર્યમાં છૂટે હાથે સહાય કરીને પરદેશોમાં આપણા જ્ઞાન સંસ્કારના પ્રચારને તેઓશ્રીએ વેગ આપ્યો હતો. કોઇ અધિકારી મનુષ્યને જોઇતી હાથપ્રતો ભંડારમાંથી પોતાના નામે નોંધાવીને કઢાવી આપનાર ગુરુ-શિષ્યના નામ ઉપર આજે પણ સોએક પ્રતો પાટણ ભંડારના ચોપડે ઉધરેલી હશે એમ મારું માનવું છે. એ બધી પ્રતો તેમણે યોગ્ય માણસોને ઉપયોગ માટે આપી છે. પ્રાચીન હાથપ્રતોની કિંમત જેઓ સમજે છે તેઓ જાણે છે કે આ ઉદારતા સામાન્ય નથી લેખાતી.

## પદવીધરોથી યે મહાન

સદ્દગત ચતુરવિજયજી વૃદ્ધ હોવા છતાં નવા અને જૂના વિચારોના સમન્વય મૂર્તિરૂપ હતા. જૂના જમાનાના હોવા છતાં પ્રવર્તમાન યુગને બરાબર સમજનારા હતા. તેઓશ્રી પદવીધર નહોતા, પદવીનો તેમને મોહ પણ નહોતો; છતાં પદવીધરો પ્રસિદ્ધિનાં બ્યુગલ ફુંકીને જે કંઇ કરે છે તેના કરતાં અનેકગણું કાર્ય એકલે હાથે તેઓ કરી ગયેલ છે. શ્રી પુણ્યવિજયજીના સહકારથી તેમણે સંપાદિત કરેલ પ્રાકૃત 'વસુદેવ હિંડિ' બી. એ. તથા એમ. એ. ના અર્ધમાગધીના અભ્યાસક્રમમાં નિયત થયેલ છે. સદ્દ્ગતે સંપાદિત કરેલા સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથોની નામાવલી નીચે મુજબ છેઃ—

સમવસરણસ્તવ, ક્ષુલ્લક ભવાવલિ પ્રકરણ, લોકનાલિદ્વાત્રિંશિકા, યોનિસ્તવ, કાલસપ્તતિકાપ્રકરણ, દેહસ્થિતિસ્તવ, સિદ્ધદંડિકા, કાયસ્થિતિસ્તવ, ભાવ પ્રકરણ, નવતત્ત્વ પ્રકરણ, વિચારપંચાશિકા, બંધષટ્પંચાશિકા, શ્રાવકવ્રતભંગ પ્રકરણ, પરમાણુ પુદ્દગલષટ્ત્રિંશિકા, દેવવન્દનાદિ ભાષ્યત્રય, સિદ્ધપંચાશિકા, અન્નાયઉંછકુલક, વિચારસપ્તતિકા, પંચસૂત્ર, જંબૂસ્વામી ચરિત્ર, રત્નપાલનૃપકથાનક, સુકૃત રત્નાવલી, મેઘદૂતસમસ્યાલેખ, ચેતોદૂત, ચંપકમાલા કથા, સમ્યક્ત્વ કૌમુદી, શ્રાદ્ધ ગુણવિવરણ, ધર્મરત્ન પ્રકરણ, ઉપદેશસપ્તતિકા, કુમારપાળ પ્રબન્ધ, ગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશતિકા, સમયસાર પ્રકરણ, સુકૃતસાગર, સુકૃતસંકીર્તન, પ્રાચીન કર્મગ્રંથો, સંબોધસપ્તતિકા, કુવલયમાલા કથા, સામાચારી પ્રકરણ, કરુણ વજ્રાયુધનાટક, કુમારપાલ મહાકાવ્ય, મહાવીરચરિત્ર, રયણસેહરી કહા, સિદ્ધપ્રાભૃત, દાનપ્રદીપ, ધર્મપરીક્ષા, સપ્તાનદાનસ્થાન પ્રકરણ, પ્રશ્નપદ્ધતિ, કલ્પસૂત્ર ( કિરણાવલિ ટીકાસહિત). યોગદર્શન–યોગવિંશિકા, મંડલપ્રકરણ, જૈન મેઘદૂત, મોહરાજપરાજય નાટક, વસુદેવ હિંડિ, બૃહત્કલ્પ, પંચમષષ્ઠકર્મ ગ્રંથ, ધર્માભ્યુદય કાવ્ય ( છપાય છે ) ઇત્યાદિ.

વિદ્યાને સમર્પાયેલા જીવનનો સાર જેમાં નીચોવાયેલો છે એવાં એ જૈન દાર્શનિક ગ્રન્થો, નાટકો, કાવ્યો, કથાગ્રન્થો, પ્રબંધો ઇત્યાદિનાં શ્રમસાધ્ય સંપાદનો છે. 'વસુદેવ–હિંડી' કે 'બૃહત્કલ્પનું' એકાદ વૉલ્યુમ ઉથલાવી જતાં તેની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

શા શા સંભારું, ને પૂજું
શા શા પુણ્ય વિભૂતિઓ ?
પુણ્યાત્માનાં ઊંડાણો તો
આભ જેવાં અગાધ છે.

× × ×

## સ્વ. ચતુરવિજયજી મહારાજઃ—

મુનિરાજ શ્રી ચતુરવિજયજીના દેહાવસાન સાથે, સાચે જ પ્રાચીન શ્રમણ–સંસ્કૃતિના એક અવશેષ સમો સ્ફુલિંગ અદૃશ્ય થાય છે. મુનિ એટલે જ મૌન સાધના અને આરાધનાનો એક મુસાફર. એને સંસારની નાની મોટી ખટપટોમાં ઝંપલાવાપણું ન હોય, ધર્મ સાથે જેને સીધો સંબંધ નથી તેવી વાતો કે વિકથાઓમાં પણ એને કંઇ રસ ન હોય. એ સમજે છે કે પ્રવાસ લાંબો અને વિકટ છે, બની શકે એટલા સ્વ–પરહિતમાંથી એક પળનો પણ અપવ્યય ન થવો જોઈએ. ૫૧ વર્ષના દીક્ષાપર્યાયમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીચતુરવિજયજી મહારાજે જે જ્ઞાનની સેવા કરી છે તે એમની સતત ઉદ્યોગપરાયણતા અને શાસન–પ્રભાવના માટેની ધગશ બતાવી આપે છે. ચર્ચા અને વિવાદોના જૈન સમાજમાં વખતોવખત ઊભા થતા વંટોળીયામાં પણ આપણે એમનું નામ નથી સાંભળ્યું, પદવીઓ કે વાજાગાજાવાળી મોટી ધમાલોમાં પણ એમને સામેલ થતા આપણે ભાગ્યે જ જોયા છે. એમનો સાચો શોખ જ્ઞાનભક્તિનો હતો. એ શોખના પરિણામે એમણે જૈન સંઘ કે શાસનની કેટલી સેવા કરી છે તેનો અક્ષરોમાં ઉતારી શકાય એવો તોલ થઇ શકે નહિ. ૮૦ જેટલા સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથનું સંપાદન એમણે કર્યાનું કહેવાય છે. સામાન્ય માણસને સંપાદન એટલે શું એનો પૂરો ખ્યાલ નહિ આવે, તેમ એક પ્રાચીન ગ્રંથભંડારનું સૂચીપત્ર તૈયાર કરવામાં કેટકેટલી મુંઝવણો નડે છે-કેટલી મગજમારી કરવાની હોય છે તેની કલ્પના પણ માત્ર અનુભવી જ કરી શકે; શ્રી ચતુરવિજયજી મહારાજ અને એમની આસપાસ વસતો સમુદાય, શાસ્ત્રોદ્ધારનાં અહોનિશ સ્વપ્ના સેવતો અને એની સરખામણીમાં બીજી નાની વસ્તુઓને અતિ ગૌણ માનતો, તેથી જ તેઓ જીવનમાં આટલી મૌન અને નિરાડંબરી સેવા કરી પોતાનું નામ અમર કરી ગયા છે.

કોઇએ કહ્યું છે કે કોઇ વિષયની પૂરેપૂરી તલસ્પર્શી સાધના કરવી હોય તો તે વિષયની પાછળ "પાગલ" બની જવું જોઇએ. આ ઘેલછા પણ પોતાને અને જન સમુદાયને માટે દેવતાઓના આશીર્વાદરૂપ બની જાય છે. શ્રી ચતુરવિજયજી મહારાજમાં એવા જ પ્રકારની તલ્લીનતા હતી. વર્તમાનપત્રો કે વ્યાખ્યાનપીઠોની કીર્તિથી તેઓ આઘે ને આઘે જ રહ્યા છે. એમના સ્વર્ગવાસથી એમના સમુદાયમાં તો એક મોટી ખોટ પડી છે જ-પણ જૈન સમાજને માટે પણ એ ખોટ પૂરાય એવી નથી. શાસનદેવ એ પવિત્ર આત્માને પરમ શાંતિ અર્પે! ( એક નોંધ )

# વર્તમાન સમાચાર

## આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો વિહાર

આચાર્યશ્રી રાયકોટ( પંજાબ )થી વિહાર કરતાં ને સ્થળે સ્થળે ઉપદેશ આપી અંદર અંદરના શ્રાવકોના કલેશો દૂર કરાવી, સનેત ગામમાં પધારતાં પાટણથી પ્રાતઃસ્મરણીય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજના વિદ્વાન શિષ્ય મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજના સ્વર્ગવાસનો તાર મળતાં તે શોકજનક સમાચારથી આચાર્યશ્રી તેમજ તેમના આખા સમુદાયે ખૂબ દિલગીરી વ્યક્ત કરી દેવવંદન કર્યું હતું અને પ્રવર્તકજી મહારાજને નેવું વર્ષની વૃદ્ધ ઉમ્મરે આવા સુશિષ્યની પડેલી ખોટથી પાટણ આશ્વાસન આપતો દિલગીરીનો તાર કર્યો હતો.

કારતક વદિ ૫ ના રોજ લુધીયાના–( પંજાબ )માં શ્રી સંઘના પૂર્ણ ઉત્સાહ સાથે પ્રવેશ કર્યો હતો. આ પ્રસંગે લુધીયાના શ્રી સંઘે આખા શહેરને ધ્વજા–પતાકાથી શણગારી આત્મગેટ, લક્ષ્મીગેટ, હર્ષગેટ, વલ્લભગેટ, સોહનગેટ, સમુદ્રગેટ, વગેરે ગેટો બનાવી બજારને શણગારી હતી. વરઘોડો પણ તેટલા જ ઉત્સાહ સાથે કાઢવામાં આવ્યો હતો, જેને શહેરમાં ફરતાં ત્રણ કલાક પસાર થયા હતા. આ પ્રસંગે સનાતનધર્મ મહાવીરદલ, શ્રી આત્માનંદ જૈન સ્કુલ ને લુધીયાના નગરવાસીઓ તરફથી જુદા જુદા ત્રણ અભિનંદન પત્રો આચાર્યશ્રીને અર્પણ થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગુરુણીજી લાભશ્રીજી મહારાજનો સ્વર્ગવાસ

કારતક વદિ ૮ સોમવારના રોજ તેઓશ્રી આ શહેરમાં કાળધર્મ પામ્યા છે. ઘણા વખતથી સામાન્ય બીમારી તેઓ ભોગવતા હતા.

તેઓશ્રી પ્રાતઃસ્મરણીય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય હતા ને ઘણા વર્ષોના દીક્ષિત હતા.

વિહાર કરવાને અશક્ત થયા ત્યારથી ભાવનગરમાં સ્થિરવાસ કર્યો હતો અને ત્યારથી શ્રાવિકાઓને ધાર્મિક શિક્ષણ આપવાનું કાર્ય હાથમાં લીધું ને તેઓશ્રીના ઉપદેશથી તેઓશ્રીના નામની શ્રાવિકાશાળાની સ્થાપના અત્રે દશ વર્ષથી થયેલ જેમાં તેઓની ખાસ દેખરેખ નીચે શ્રાવિકા સમુદાય ધાર્મિક શિક્ષણ લઇ રહેલ છે. અમુક આગમો અને પ્રકરણોના ગુજરાતી ભાષાંતર કરાવી તેઓએ ઉપદેશદ્વારા પ્રકાશિત કરાવ્યા હતા. તેઓશ્રીએ લાંબા વર્ષો સુધી યોગ્ય રીતે ચારિત્રનું પાલન કર્યું હતું. આપણા સાધ્વી સમુદાયમાં તેવા ગુણીયલ સાધ્વીજીની ખોટ પડી છે. આ સભા તે માટે દિલગીરી જાહેર કરે છે.

## શેઠ શ્રી ગિરધરભાઇ આણંદજીનો સ્વર્ગવાસ

અત્રેના શ્રી સંઘના પ્રમુખ શેઠ ગિરધરભાઇ આણંદજીનો માગશર શુદ ૭ ને સોમવારના રોજ સ્વર્ગવાસ થવાના ખબર નોંધતાં ખેદ થાય છે. તેઓશ્રીનો અત્રેની પાંજરાપોળ, આયંબીલ ખાતું, ભોજનશાળા, સામાયિકશાળા વગેરે ઘણા ધાર્મિક અને સામાજિક ખાતાઓની વ્યવસ્થા અને વિકાસમાં કીંમતી ફાળો હતો. તેમજ બહારગામના દેરાસરો ઉપાશ્રયની સાધન-સામગ્રી માટે ખંતભરી સગવડ કરાવી આપતા હતા. તેમના જીવન દરમ્યાન કોઇપણ જાતનું માન, અધિકાર, કે પ્રતિષ્ઠા મેળવવાની લાલસા સિવાય તેઓશ્રી ભાવનગરના અનેક શ્રી સંઘના અને સામાજિક કાર્યોમાં સતત સેવા આપતા આવ્યા છે. તેઓ આ સભાના પ્રમુખ શ્રી ગુલાબચંદભાઇના જ્યેષ્ઠ બંધુ થાય છે તેઓશ્રી એંસી વર્ષની ઉમ્મરે શારીરિક નબળાઇની ફક્ત પાંચ દિવસ સામાન્ય માંદગી ભોગવી દેહ મુક્ત થતાં ભાવનગરને એક કાર્યદક્ષ આગેવાનની ખોટ પડી છે અત્રે તેમના કુટુંબ અને આપ્તવર્ગને દિલસેજી આપી સદ્ગતના આત્માને અખંડ અને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ શાસનદેવ પ્રતિ પ્રાર્થના કરીયે છીયે.

## વારૈયા ધરમશી ઝવેરભાઇનો સ્વર્ગવાસ.

ગયા કારતક વદિ ૯ ના રોજ પોતાના નિવાસસ્થાન ત્રાપજમાં ફક્ત બે દિવસની બીમારી ભોગવી તેઓશ્રી સ્વર્ગવાસ પામ્યા છે.

તેઓ દેવ, ગુરુ, ધર્મના ઉપાસક, શ્રદ્ધાળુ, સરળ હૃદયવાળા અને વિશ્વાસુ જૈન હતા. એક ગામડા ગામમાં રહેવા છતાં, શિક્ષણ નહીં પામેલા છતાં બહુ જ સાદું જીવન તેઓની સારી સ્થિતિ હોવા છતાં ભોગવતા હતા.

પ્રતિષ્ઠા, સ્વામીવાત્સલ્ય, જ્ઞાનોદ્ધાર, ગુરુભક્તિ, વગેરે કાર્યોમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરતા હતા.

ત્રાપજમાં સાધુ મુનિરાજને ઉતરવા સગવડ ન હોવાથી રૂા. ૮૦૦૦ ખર્ચી એક ઉપાશ્રય બંધાવ્યો હતો તેમજ શ્રી સિદ્ધાચળજી યાત્રાએ આવનાર યાત્રીકોને તળાજા ઘોઘા યાત્રિર્થે ભાવનગર થઇ જવાનું હોવાથી તેઓશ્રીની સગવડ ખાતર ને નહીં સગવડવાળા એવા ભાવનગરના જૈન ભાઇઓ માટે અને ભાવનગર વેપારનું મથક હોવાથી આવનાર ભાઇઓની સગવડ માટે રૂા. ૧૫૦૦૦ કમીટીને ભોજનશાળા માટે અર્પણ કર્યા હતા. તેઓ અનેક સખાવતો આશરે રૂા. ૪૦૦૦૦) ની કરી ગયા છે. આ સભામાં તેઓ લાઇફ મેમ્બર હતા. તેવા શ્રદ્ધાળુ ને ભોળા દિલના સભાસદની આ સંસ્થાને ભારે ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે.

## ભાઇશ્રી વૃજલાલ ગિરધરનો સ્વર્ગવાસ.

સુમારે પચાસ વર્ષની ઉમ્મરે ફક્ત દસ દિવસની બીમારી ભોગવી કા. વ. ૯ ને મંગળવારના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ શાંત, માયાળુ અને શ્રદ્ધાળુ જૈન હતા. કેટલાક વર્ષથી આ સભાના તેઓ લાઇફ મેમ્બર થયા હતા. તેઓના સ્વર્ગવાસથી એક સારા સભાસદની ખોટ પડી છે. તેઓના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીએ.

## ભાઇશ્રી પ્રભુદાસ દીપચંદનો સ્વર્ગવાસ

સુમારે અડસઠ વર્ષની ઉમ્મરે વૃદ્ધાવસ્થાને અંગે સામાન્ય બીમારી ભોગવી કારતક વદિ ૦)) ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓશ્રી લાંબા વર્ષથી આ સભાના લાઇફ મેમ્બર હતા ને સભા ઉપર બહુ જ સારો પ્રેમ રાખતા હતા. તેઓ શાંત, માયાળુ ને શ્રદ્ધાળુ, તેમજ ધાર્મિક વૃત્તિવાળા જૈન ગૃહસ્થ હતા. તેમના સ્વર્ગવાસથી આ સભાને એક સારા સભાસદની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સ્વર્ગસ્થના કુટુંબને દિલાસો આપવા સાથે તેમના આત્માને અખંડ ને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

તૈયાર છે     જલદી મંગાવો     તૈયાર છે

છપાઈ ગયેલા નવા બે ગ્રંથો

## બૃહત્કલ્પસૂત્ર

ભા. ૪ થો ને ભા. ૫ મો મૂળ તથા સંસ્કૃત ટીકા સાથે

**કીંમત અનુક્રમે રૂા. ૬ા અને ૫**

---

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણુ મૂળ પાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## નવીન ત્રણ ઉત્તમ ગ્રંથો નીચે મુજબના છપાય છે.

૧ કથારત્ન કોષ—શ્રી દેવભદ્રસૂરિકૃત

૨ ઉપદેશમાળા—શ્રી સિદ્ધર્ષિકૃત મોટી ટીકા

૩ શ્રી નિશિથ ચૂર્ણિસૂત્ર ભાષ્ય સહિત.

---

## છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ( મૂળ )     २ श्री मलयगिरि व्याकरण.

३ श्री वसुदेवहिंडि त्रीजो भाग.     ४ पांचमो छठ्ठो कर्मग्रन्थ.

५ श्री बृहत्कल्पसूत्र भाग ६

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only